
# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्




## ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only

Vol. 14, Issue. 241, December 2022


મારી સમજ પ્રમાણે શૈક્ષણિક સ્વાતંત્ર્ય એટલે સત્યની શોધનો હક્ક અને જે સત્ય સાંપડયું (લાધ્યું) છે. તે સત્યને શીખવવાનો અને પ્રકાશિત કરવાનો હક્ક. સત્યની શોધના આ હક્ક સાથે જે સત્યની સ્વીકૃતિ મળી છે તેને ઉજાગર કરવાની ફરજ પણ પરોક્ષ રીતે અભિપ્રેત છે.

– આલ્બર્ટ આઈનસ્ટાઈન

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

દરેક રાષ્ટ્રનું પોતાનું જીવન દર્શન, રાષ્ટ્રમાં વસતા સમાજનું જીવનલક્ષ્ય અને આદર્શોનું નિર્માણ કરે છે અને એ આદર્શો પ્રાપ્ત કરવાની પ્રેરણા પણ આપે છે. દરેક રાષ્ટ્રના જીવનદર્શન પર આધારિત તે દેશનું શિક્ષણ દર્શન હોય છે. જે–તે દેશની રાષ્ટ્રીય ચેતના, સંસ્કૃતિ અને પરંપરાઓને વ્યક્ત કરે છે. સ્વાતંત્ર્યના ૭૫ વર્ષ પછી પણ આજના શિક્ષણમાં અભારતીય જીવનશૈલી, અભારતીય જીવનદૃષ્ટિને દૂર કરવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આપણને ખૂબ ઉપયોગી નીવડી શકે તેમ છે. અભારતીય જીવનદષ્ટિએ પાશ્ચાત્ય જીવનદર્શન અને પાશ્ચાત્ય મનોવિજ્ઞાને આપ્યાં છે.

સંપૂર્ણ બ્રહ્માંડનો વિસ્તાર અનંત છે. આવાં અનંત કોટી બ્રહ્માંડો છે. એમના વિસ્તારની તો કલ્પના પણ કરી શકાય તેમ નથી. તેમ છતાં આ સમગ્ર સૃષ્ટિ મૂળ રૂપે એક જ છે. કયાંય કોઈ ભેદ નથી. આ જ વાત આપણા શાસ્ત્રો એક જ વાકયમાં કહે છે. **'सर्वम् खलु इदं ब्रह्म'** । આ બધું બ્રહ્મ જ છે. એ જ રીતે આ જીવન અનાદિ, અનંત છે. તેમાં સર્જન અને વિસર્જન થતું જ રહે છે. વારંવાર સર્જન થાય છે અને વારંવાર પ્રલય પણ થાય છે. પરંતુ જીવન કયારેય નષ્ટ થતું નથી. એનો પ્રારંભ કયારે થયો એ પણ કોઈ જાણતું નથી. વ્યક્તિઓના, જીવજંતુઓના જન્મ–મરણ થતાં જ રહે છે પરંતુ જીવનધારા તો અખંડિત જ રહે છે. એ ધારા એક જ છે. ભારતીય જીવનદષ્ટિનો આ એક મૌલિક સિદ્ધાંત છે.

ચીની યાત્રી ફાહિયાન અને હ્યુએન સાંગ ભારતમાં તીર્થયાત્રા અને શિક્ષણ પ્રાપ્તિ માટે આવ્યા હતા. એમણે પોતાના પ્રવાસવર્ણનમાં લખ્યું છે કે, 'ભારતમાં કારાગૃહ તો છે પરંતુ તેમાં રીઢા ગુનેગારો નથી અને અહીંના રહેવાસીઓ પોતાનાં ઘર ખુલ્લા રાખીને સુવે છે. એ કાળમાં ભારતની નૈતિક અને આધ્યાત્મિક સંસ્કૃતિ ઉન્નતીની ચરમ સીમા પર પહોંચી ગઈ હતી. ભારતના ઘરોમાં તાળા લાગતા જ નહોતાં એ આપણે માટે આશ્ચર્યનો વિષય ન હતો. કારણ કે સાવ સામાન્ય લોકોએ પણ **'पर द्रव्येषु लोष्टवत्'** નો માત્ર પાઠ જ નહોતો વાંચ્યા પણ તે સૂત્ર પોતાના વ્યવહારમાં ઉતાર્યું હતું. એ આપણો સ્વભાવ હતો.

ભારતના આધ્યાત્મિક વારસા ઉપર પ્રહાર કરવા માટે અંગ્રેજોએ ભારતની અતિ પ્રાચીન આધ્યાત્મિક અને નૈતિક જીવન મૂલ્યો પર આધારિત શિક્ષણ પદ્ધતિ સાથે જ ચેડા કર્યા, તેને કેટલાય મનિષીઓ ઓળખી ગયા. લંડનના ચેથમ હાઉસમાં રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ટરનેશનલ અફેયર્સ તરફથી આયોજિત આંતરરાષ્ટ્રીય વિષયમાં ૨૦ ઓકટોબર, ૧૯૩૧ના દિવસે મહાત્મા ગાંધીએ ભાષણ કર્યું હતું. તેમાં તેમણે જણાવ્યું હતું કે, "હું આંકડાઓનું પ્રમાણ આપીને કહી શકું છું કે પચાસ અથવા સો વર્ષ પહેલાંની સરખામણીમાં ભારત અત્યારે વધારે અભણ છે. બ્રિટિશ શાસકો જયારે ભારતમાં આવ્યા ત્યારે તેમણે અહીંની પરિસ્થિતિને યથાવત સ્વીકારવાને બદલે એનો અવમૂલ્યન કરવાનું શરૂ કરી દીધું. તેમણે મૂળિયા ખોદી કાઢયા અને પછી એને ખુલ્લા જ છોડી દીધાં. પરિણામ એ આવ્યું કે શિક્ષણના રમણીય વૃક્ષનો નાશ થયો".

ભારતીય જીવન રચના તથા ભારતીય શિક્ષણની એક અન્ય મૌલિક ધારણા એ છે કે એમાં વ્યક્તિના જીવનનો, વ્યક્તિના વિકાસનો વિચાર અલગ રીતે કરાતો નથી. વ્યક્તિનું સામાન્ય સૃષ્ટિ સાથે ગોઠવીને, સંપૂર્ણ સૃષ્ટિના સંદર્ભમાં જ વ્યક્તિનો વિચાર કરવામાં આવે છે અહીં સૃષ્ટિ મનુષ્ય માટે નહીં, મનુષ્ય સૃષ્ટિ માટે હોય છે. મનુષ્યના અધિકારનો નહીં પરંતુ કર્તવ્યનો વિચાર કેન્દ્ર સ્થાને હોય છે. મનુષ્ય સૃષ્ટિને પોતાના ઉપભોગ માટે પોતાને અનુકૂળ બનાવતો નથી, પોતે જ સૃષ્ટિ સાથે અનુકૂલન સાધે છે. માટે જ શિક્ષણનો સિદ્ધાંત એ છે કે શિક્ષણ વ્યક્ગિત નથી હોતું, રાષ્ટ્રીય હોય છે અર્થાત શિક્ષણ પ્રાપ્ત કરનાર તો વ્યક્તિત્વ હોય છે પરંતુ તેનું લાભાર્થી રાષ્ટ્ર હોય છે.

આજના શિક્ષણ માટે મૂલ્ય નિષ્ઠા, વિદ્યા માટે પ્રીતિ, જ્ઞાન પ્રાપ્તિનું સામર્થ્ય, સંસ્કારો માટે પ્રેમ, સાદાયનું ગૌરવ આ બધાનો સતત વધારો થતો રહે એ જ અપેક્ષા છે.

**તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૩**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### નવા વહીવટી ભવનની પૂજા–અર્ચના

તા. ૬/૧૨/૨૦૨૨ના રોજ યુનિવર્સિટીમાં નવનિર્મિત હિન્દી–સંસ્કૃત ભવનમાં નવા વહીવટી ભવનની કામગીરી શરૂ કરવાની હોવાથી તેમાં પૂજા અર્ચના કરવામાં આવી. યુનિવર્સિટીનાં ચોથા વર્ગના કર્મચારીની બાળકી દ્વારા નવા વહીવટી ભવનમાં કુંભઘડો મુકવામાં આવ્યો. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપ ચૌધરી દ્વારા નવા વહીવટી ભવનમાં પ્રવેશ માટેની પૂજા–અર્ચના કરવામાં આવી હતી. આ પૂજામાં યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ તથા શૈક્ષણિક–બિનશૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા.





### શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનાં પૂજ્ય માતાશ્રી સ્વ. હીરાબા દામોદરદાસ મોદીનું તા. ૩૦/૧૨/૨૦૨૨ના રોજ વહેલી સવારે અવસાન થતાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા અંગ્રેજી ભવનના સેમિનાર હૉલ ખાતે તા. ૩૦/૧૨/૨૦૨૨ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે 'શ્રદ્ધાંજલિ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાશ્રીએ શ્રદ્ધાંજલિ સભામાં શાબ્દિક શ્રદ્ધાંજલિ આપી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. જેમાં ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી, એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર, વિવિધ વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ અને કર્મચારીઓએ હાજર રહી પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.













ઉદ્ઘાટન સમારોહ
















વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે રિજનલ ફૂડ ફેસ્ટીવલ તથા સ્ટાર્ટઅપનું આયોજન તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૨૨ થી ૮ જાન્યુઆરી, ૨૦૨૩ સુધી કરવામાં આવ્યું હતું. આ ફૂડ ફેસ્ટીવલ તથા સ્ટાર્ટઅપનું ઉદ્ઘાટન મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદ હસ્તે તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટીના એમ્ફીથિયેટર ખાતે કરવામાં આવ્યું હતુ. જેમાં યુનિવર્સિટીના ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદિપ ચૌધરી, સિન્ડીકેટ સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજનના સમયગાળા દરમ્યાન ઘણા બધા પ્રાદેશિક કલાકારોએ પોતાનું હુન્નર પ્રદર્શિત કરી પોતાની હેન્ડ મેડ વસ્તુઓ તથા ખાદ્ય પ્રદાર્થોનું વેચાણ કર્યું હતું. આ ફેસ્ટીવલમાં અવનવી વાનગીઓ જોવા, જાણવા અને ખાવા મળી હતી. જેમાં આયુર્વેદિક વસ્તુઓ, રસોડામાં ઉપયોગમાં આવતી વિવિધ સામગ્રીઓ, ફરસાણ, ડાંગની પ્રખ્યાત વાનગીઓ તથા વસ્તુઓ, બામ્બુ રિસોર્સ સેન્ટર જેમાં લાકડામાંથી બનાવેલી અદભૂત વસ્તુઓના સ્ટોલ,

ઓર્ગેનિક ખેત પેદાશોનું વેચાણ કેન્દ્ર, ગાયનાં ગોબરમાંથી બનાવેલ પંચગવ્ય પ્રોડકટ અને દેશી ગાયનાં ગોબર લીંપણ આર્ટ તથા વિવિધ પ્રકારની કલાકૃતિઓ જેવી કે ફાઈન આર્ટ્સ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ ચિત્રો, લાઈવ સ્કેચ તથા સુશોભનની વસ્તુઓના વિવિધ સ્ટોલ્સ હતા. જેમાં દિવ્યાંગ ચિત્રકાર દ્વારા લાઈવ પેન્ટિંગ પણ કરવામાં આવ્યું હતું જે ખરેખર આશ્ચર્યજનક વાત છે. ઉપરાંત અન્ય દિવ્યાંગ ભાઈઓ તથા બહેનો દ્વારા પણ પોતાની કળા રજૂ કરવામાં આવી હતી. સસ્ટેનેબીલીટી ડેવલોપમેન્ટ ગોલના ભાગરૂપે ટ્રાયબલની સ્વસહાય સખી જૂથને એક પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુથી ગૃહ ઉદ્યોગના સ્ટોલ આપવામાં આવ્યા હતા. વિવિધ વિભાગના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને તેઓ આગળ આવી અલગ અલગ ક્ષેત્રો અને સ્ટાર્ટઅપમાં પોતાની પોસિબિલિટિ એક્સપ્લોર કરે એ હેતુથી તેમને પણ સ્ટોલ આપવામાં આવ્યા હતા તથા યુનિવર્સિટીના શૈક્ષણિક વિભાગોના સ્ટોલ્સ પણ હતા જેમાં વિભાગમાં ચાલતા કોર્ષ અને પ્રવૃત્તિઓની માહિતીની જાણકારી આપવામાં આવી હતી. આ ફૂડ ફેસ્ટીવલ તથા સ્ટાર્ટઅપને માણવા માટે તમામને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાન




વધતા સાયબર ક્રાઈમને ધ્યાનમાં રાખી, કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર વિભાગમાં વિદ્યાર્થીઓમાં જાગૃતતા કેળવવા માટે 'Cyber-Crime Awareness' વિષય પર તા. ૧૩/૧૨/૨૦૨૨ના રોજ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં Net-X IT & Multimedia Academy, Surat GF/ Cyber Security નિષ્ણાંત મૌલિક શાહે પોતાની લાક્ષણિક શૈલીમાં  તથા માહિતીસભર વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગણિતશાસ્ત્ર વિભાગનાં વડા ડૉ. ડી.સી.જોષીએ તજજ્ઞ તથા તેમની ટીમને આવકાર્યા હતા તથા ડૉ. કૌશલ પટેલે આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સમગ્ર સંચાલન ડૉ. માનસી શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પરિસંવાદ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના બાયોટેકનોલોજી વિભાગના હોલ ખાતે તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ એસ.ટી. સેલ દ્વારા 'જનજાતિ સંસ્કૃતિઃ અસ્મિતા અને વિકાસ' પર પરિસંવાદ યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને આમંત્રિત વકતા તરીકે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના કુલપતિશ્રી મધુકર પાડવી, સામાજીક કાર્યકર્તા શ્રી વૈભવ સુરંગેજી, શ્રી વિપુલભાઈ પટેલ તેમજ સિન્ડિકેટ સભ્યશ્રી વિમલભાઈ શાહ દ્વારા જનજાતિ સંસ્કૃતિનો ગૌરવવંતો ઇતિહાસ અને તેમના વિકાસ અંગે ચર્ચા અને માર્ગદર્શન આપાયું. કુલપતિશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'સ્વતંત્રતા સંગ્રામમાં જનજાતિ વીરો (નાયકો)નું યોગદાન અંગે સંશોધન માટે યુનિવર્સિટી ખાતેનું ઇન્ક્યુબેશન કેન્દ્રની વ્યવસ્થા અને વિષય સંબંધિત સર્ટિફિકેટ પ્રોગ્રામ પણ ચલાવવા માટે આહ્વાન કર્યું હતું.

શ્રી વૈભવજીએ જનજાતિ સમુદાયની સંસ્કૃતિ અને સ્વતંત્રતા સંગ્રામમા જનજાતિ વીરો (નાયકો)નું યોગદાન

વિશે સાચો ગૌરવશાળી ઈતિહાસ બહાર લાવી જનજાતિ સમાજની સભ્ય સંસ્કૃતિને ઉજાગર કરવાની આવશ્યકતા જણાવી હતી. જનજાતિ સમાજે સદીઓથી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે તેનો અર્થ જનજાતિ સમુદાય પાસે જ્ઞાન પરંપરાઓ ખુબ જ મજબૂત હોવાનું જણાવ્યું હતું. ડૉ. પાડવીએ જણાવ્યું હતું કે, જનજાતી નાયકોએ ત્રણ ગણી શકિતથી રાષ્ટ્ર માટે લડાઈ લડી હતી. શ્રી વિપુલભાઈએ સમાજ અને રાષ્ટ્ર માટે કાર્ય કરવા સૌએ બિરસા મુંડા જેવા નાયક બનવા તૈયાર થવા અને જનજાતિ ગૌરવસહ પોતાની ઓળખ પૂરવાર કરવા સિંહત્વ સાથે સમસ્યાઓ સામે લડયાં વગર સમાધાનો શકય નથી તેમ જણાવ્યું હતું.

આ પરિસંવાદ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાંથી પ્રાધ્યાપકો, જનજાતિ ક્ષેત્રમાં કાર્ય કરતાં સામાજિક કાર્યકરો અને વિદ્યાર્થીઓ સહિત ૧૦૦ થી વધુ સહભાગી સામેલ થયા હતા. ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરીએ સમાપન સત્રમાં યુનિવર્સિટી દ્વારા સંશોધન માટે કરેલી ફંડની જોગવાઈ અંગે માહિતગાર કરી આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમ સંયોજકશ્રી ડૉ. દીપક ભોયે (આસિસ્ટન્ટ પ્રોફેસર)ના માર્ગદર્શન હેઠળ થયો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. ધારા ગામિતે કર્યુ હતું.

## નેશનલ રોલ બૉલ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગની બી.એસ.સી. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થિની હીર ગોધાણીએ રોલ બૉલ ફેડરેશન ઑફ ઈન્ડિયા, પુણે દ્વારા આયોજીત 'એક ભારત શ્રેષ્ઠ ભારત' નેશનલ રોલ બૉલ ચેમ્પિયનશીપમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરીને બ્રોન્ઝ મેડલ મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યુ છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ તથા બાયોટેકનોલોજી વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ગૌરવભાઈ શાહે શુભેચ્છાઓ પાઠવી વિદ્યાર્થીનો ઉત્સાહ વધાર્યો હતો. વિદ્યાર્થિનીની મહેનતે યુનિવર્સિટીની સાથે સાથે ગુજરાત રાજ્યનું પણ ગૌરવ વધાર્યું છે તથા બીજા ખેલાડીઓ માટે પણ એક શ્રેષ્ઠ ઉદાહરણ બન્યા છે.

## સફાઈ અભિયાન







તા. ૨૨/૧૨/૨૦૨૨નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા યુનિવર્સિટીના ડી.બી.આઈ.એમ. વિભાગના કેમ્પસ ખાતે 'સફાઈ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર, ડી.બી.આઈ.એમ. વિભાગના વિભાગીય વડાશ્રી ડૉ. મનિષ સિધ્ધપુરિયા અને પ્રાધ્યાપકશ્રીઓ તેમજ કેમ્પસમાં અભ્યાસ કરતા એન.એસ. એસ.ના સ્વયંસેવકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડી.બી.આઈ.એમ. વિભાગના કેમ્પસમાં પ્લાસ્ટિકનો કચરો એકત્ર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થા એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવેલ હતું.

## સેમિનાર કમ વર્કશોપ











તા. ૨૯/૧૨/૨૦૨૨નાં રોજ યુનિવર્સિટીના Internal Quality Assurance Cell (IQAC) અને Gujarat Accreditation & Ranking Institutional Mechanism & Arrangement (GARIMA)ના સંયુક્ત ઉપક્રમે 'Data Capturing System for NIRF-2023' વિષય ઉપર એક દિવસીય સેમિનાર કમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર કમ વર્કશોપમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાંથી ૧૭૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વિવિધ તજજ્ઞ વકતાઓ દ્વારા NIRF અને NIRF ની ડેટા કેપ્ચરીંગ સિસ્ટમ પર વિસ્તૃત વ્યાખ્યાનો આપેલ હતાં. આ કાર્યક્રમમાં ઉદ્ઘાટન સમારંભમાં IITE, ગાંધીનગરના કુલપતિશ્રી હર્ષદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડાએ પ્રમુખ સ્થાન શોભાવ્યું હતું અને IQAC ના ડાયરેકટરશ્રી ડૉ. અપૂર્વ દેસાઈ અને કુલસચિવશ્રી આર.સી.ગઢવી સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડૉ.સી.બી.શર્મા (Director, IGNOU), ડૉ. પ્રફુલ ઉડાની (Director General, CVM University, Ahmedabad, Gujarat), ડૉ. ગુરુદત્તા જમ્પી (Head of the department of Advanced Bussiness Studies at Gujarat University, Ahmedabad, Gujarat) મહાનુભાવો NIRF ના અલગ–અલગ Parameters અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકો દ્વારા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા અને તે અંગે જ્ઞાતાઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. સુનિલ શાહ દ્વારા કરવામાં આવેલ હતું. અંતમાં બાયોટેકનોલોજી વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ગૌરવ શાહે આભારવિધિ કરી હતી.

## મહાપરિનિર્વાણ દિવસની ઉજવણી





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેન્ટર ફોર ડૉ. બી. આર. આંબેડકર સ્ટડીઝ અને ઉદ્યોગ સંચાલન વિભાગના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ મેનેજમેન્ટના સેમિનાર હોલમાં

તા. ૬ ડીસેમ્બર, ૨૦૨૨ના રોજ ડૉ.બી.આર.આંબેડકરની પુણ્યતિથિ નિમિત્તે મહાપરિનિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ઈ.ચા.કુલસચિવશ્રી તથા સેન્ટર ફોર ડૉ.બી.આર.આંબેડકર સ્ટડીઝના ચેરમેન ડૉ. જયદીપ ચૌધરી, ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ મેનેજમેન્ટ વિભાગના વડા અને પ્રાધ્યાપક ડૉ. મનીષ સિદ્ધપુરીયા, શૈક્ષણિક–બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમાં ઉપસ્થિત તમામ દ્વારા પુષ્પાંજલી આપવામાં આવી તથા વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય નાટક રજૂ કરવામાં આવ્યું. જેમાં સંવિધાન શું છે, કેવી રીતે બન્યું અને કયારે બન્યું તથા ડૉ.બી.આર.આંબેડકરના ઉચ્ચ વિચારોને દર્શાવવામાં આવ્યા હતા. ડૉ.બી.આર.આંબેડકર બાબાસાહેબ આંબેડકર તરીકે પ્રખ્યાત હતા અને દરેક વ્યકિત જાણે છે કે તેઓ ભારતીય બંધારણ ઘડવૈયાઓમાંના એક હતા. તેઓ ખુબ જ જાણીતા રાજકીય નેતા, જાણીતા ન્યાયશાસ્ત્રી, બૌદ્ધ કાર્યકર્તા, ફિલસૂફી, નૃવંશશાસ્ત્રી, ઈતિહાસકાર, વકતા, લેખક, અર્થશાસ્ત્રી, વિદ્વાન અને સંપાદક પણ હતા. ડૉ. આંબેડકરે જીવનભર અસ્પૃશ્યતા જેવા સામાજિક દુષણોને નાબુદ કરવા, દલિતો અને અન્ય સામાજીક રીતે પછાત વર્ગોના અધિકારો માટે લડત ચલાવી હતી.

## રેલ્વે–રોડ વાહન વ્યવહાર પદ્ધતિમાં આવિષ્કાર




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માસ્ટર ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશ (MPA) ના તેજસ્વી વિદ્યાર્થી કે જેમનું નામ 'સત્યેનકુમાર વિજયકુમાર પાઠક' છે જેમણે અદભૂત આવિષ્કાર કરી પોતાના નામની પેટન્ટ સર્ટીફીકેટ મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યુ છે એમની પેટન્ટનું નામ 'A Mega Vehicle Carrying and Transportation System-Public/Private Transport With/Without Passenger AND/OR Goods' છે. એમના આ આવિષ્કારમાં એમની લગભગ ૧૦ થી ૧૨ વર્ષની મહેનત છે. પણ ટૂંકમાં આ આવિષ્કાર વિશે જણાવીએ તો આ પેટન્ટમાં સરકારી અને ખાનગી વાહન વ્યવહારમાં કે જેમાં યાત્રી અથવા વ્હીકલ્સ (૨ અને ૪ વ્હીલર) સાથે વર્ટિકલ મુવિંગ ડબલ ડેકર પ્લેટફોર્મનું ડીઝાઈનવાળું સિસ્ટમ મારફતે ટ્રાન્સપોર્ટેશન મિકેનીઝમને સરળ બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે. આ આવિષ્કારથી માનવ દુર્ઘટનામાં નોંધનીય ઘટાડો, રોજગારીની તક, ઈકો–ફ્રેન્ડલી વ્યવસ્થા, ટુરીઝમ ડેવલોપમેન્ટ, વાહનવ્યવહાર પદ્ધતિમાં સુરક્ષા, રેવેન્યુ જેનરેશનની તક અને FDI માટે પણ આકર્ષણ વગેરે અને એટલું જ નહી આ સિસ્ટમ દ્વારા 'પિનપોઈન્ટ' ના કોન્સેપ્ટ વડે 360 બેઝ પર ફરી શકે એવી સગવડ પણ છે કે જેમાં કોઈ પણ વ્હીકલને મુવ કર્યા વગર જે–તે વિભાગનું વ્હીકલ લોડીંગ અને અનલોડીંગ કરી શકીએ છીએ. સત્યેન પાઠકના આ આવિષ્કાર અને મહેનત જોઈને ભારત સરકારની પેટન્ટ ઓફીસે એમને તા. ૦૨/૧૨/૨૦૨૨ના રોજ પેટન્ટ કે જેનું નંબર 413479 અને S.L. No. 022121090 થી એનાયત કરવામાં આવ્યું છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચીવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, માસ્ટર ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનના કો– ઓર્ડીનેટરશ્રી ડૉ. મધુ થવાણી અને વિભાગના આધ્યાપક શ્રી ઓમકારનાથ પાંડે દ્વારા એમને પુસ્તક આપીને સન્માનિત કરવામાં આવ્યા.

## ઈલેકિટ્રક વ્હીકલમાં ઇનવર્ટર બેઝ ટેકનોલોજી પદ્ધતિમાં આવિષ્કાર



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માસ્ટર ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (MPA)ના તેજસ્વી વિદ્યાર્થી કે જેમનું નામ 'સત્યેનકુમાર વિજયકુમાર પાઠક' છે જેમણે અદભૂત આવિષ્કાર કરી પોતાના નામથી પેટન્ટ સર્ટીફીકેટ મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. ઉલ્લેખનીય છે કે, આ સત્યેનકુમાર પાઠકની બીજી પેટન્ટનું નામ 'Inverter Base Technology for Electric Vehicle by Renewable Energy' છે. એમના આ આવિષ્કારમાં એમની ઘણાં વર્ષોની મહેનત છે. પણ ટૂંકમાં આ આવિષ્કાર વિશે જણાવીએ તો આ પેટન્ટમાં ઇલેકિટ્રક ઉપર ચાલતાં વિવિધ વાહનો જેમ કે, ટૂ વ્હીકલ – ફોર વ્હીકલ અને બસ, રેલવે જેવાં મોટાં વાહનોમાં ખાસ વિન્ડ ટર્બાઇનની ડિઝાઈન કરેલ સિસ્ટમ મૂકી એનાથી સતત ઊર્જાનો સંગ્રહ થતો રહેશે અને ઈનવર્ટર બેઝ ટેકનોલોજી દ્વારા વાહનને સંચાલિત રાખવા માટે ઊર્જા મળતી રહેશે જેથી વાહનને વારંવાર ચાર્જ કરવાની જરૂર રહેશે નહી. આટલું જ નહીં, આ સિસ્ટમને એવી રીતે ઇન્સ્ટોલ કરવામાં આવશે કે, કોઈ પણ ઋતુ અને

પરિસ્થિતિમાં જ્યારે વાહન ઊભું રહેલ હોય ત્યારે પણ આ સિસ્ટમ દ્વારા પુનઃપ્રાપ્ય ઊર્જા સતત મળતી રહેશે અને ઈનવર્ટર ચાર્જ થતું રહેશે. સત્યેન પાઠકના આ આવિષ્કાર અને મહેનત જોઈને ભારત સરકારની પેટન્ટ ઓફીસે એમને તા. ૨૩/૧૨/૨૦૨૨ના રોજ પેટન્ટ કે જેનો નંબર 415312 અને S.L. No. 022121425 થી એનાયત કરવામાં આવી છે. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. મધુ થવાણી અને વિભાગના અધ્યાપક શ્રી ઓમકારનાથ પાંડે દ્વારા એમને પુસ્તક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ગૌરવ

આપણા દેશમાં યુનિવર્સિટીઓ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ ચાર ઝોનમાં વહેંચાયેલી છે. આ દરેક ઝોનમાં ૨૦૦ જેટલી યુનિવર્સિટીઓ આવેલ છે. દર વર્ષે એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટી દ્વારા દરેક ઝોન પ્રમાણે ઇન્ટર યુનિવર્સિટી રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે, એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીના નિયમ ૫ (પેરા–૩) પ્રમાણે આ રમતોત્સવમાં આયોજિત વિવિધ રમતોમાં વ્યવસ્થાની દેખરેખ માટે, વિવિધ રમતોમાં કોઈપણ પ્રકારનો અન્યાય ન થાય અને રમતની પારદર્શકતા બની રહે તથા રમતને યોગ્ય રીતે આયોજિત કરવા માટે દરેક ઝોનમાં આવેલી યુનિવર્સિટીઓમાંથી ઓબર્ઝવર તરીકે ફિઝીકલ એજ્યુકેશનના ડાયરેકટરશ્રીની નિમણૂક કરવામાં આવે છે. જે અતર્ગત આ વર્ષે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ડાયરેકટરશ્રી પોલ ડેવિડને પશ્ચિમ ઝોનમાં આયોજિત ચેસની રમત માટે ઓબર્ઝવર તરીકે નિમણૂક કરવામાં આવી છે, જે યુનિવર્સિટી માટે ગૌરવની વાત છે.

## યુનિવર્સિટી વોલીબોલ ટીમ (ભાઈઓ)

યુનિવર્સિટી વોલીબોલ (ભાઈઓ)ની ટીમ વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી વોલીબોલ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૨૨–૨૩માં ભાગ લેવા જઈ રહી હોવાથી યુનિવર્સિટીના ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. જયદીપ ચૌધરી ફોટો ફંકશન દરમ્યાન હાજર રહ્યા હતા.






## Judo men tournament and selection trials

પી.આર.બી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલી ખાતે યુનિવર્સિટી આંતર કોલેજ જુડો (પુરૂષ) ટુર્નામેન્ટ અને પસંદગી ટ્રાયલ યોજવામાં આવી.











## University Badminton (Men) Selection Trails

વનિતા વિશ્રામ કોલેજ, સુરત ખાતે યુનિવર્સિટી બેડમિન્ટન (પુરૂષ) ખેલાડીઓની પસંદગી ટ્રાયલ્સ યોજવામાં આવી.







## ફાટો ફંકશન

યુનિવર્સિટીના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે ૩ ટીમોનું ફાટો ફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાએ ઉપસ્થિત રહી રમતવીરોને સંબોધિત કર્યા હતા. જેમાં (૧) ફૂટબોલ (પુરૂષ) ટીમ જબલપુર (૨) ટેબલ ટેનીસ (પુરૂષ) ટીમ કોટા યુનિવર્સિટી અને (૩) બેડમિન્ટન (મહિલા) ટીમ નાંદેડ મહારાષ્ટ્ર ખાતે સ્પર્ધામાં ભાગ લેવા ગઈ હતી.


















## University Hockey (Women) and Table Tenis (Men) Selection Trails

યુનિવર્સિટીના કેમ્પસ ખાતે હોકી (બહેનો) અને ટેબલ ટેનીસ (પુરૂષ) ખેલાડીઓની પસંદગી ટ્રાયલ્સ યોજવામાં આવી હતી. જેમાં કુલપતિશ્રી ડૉ. કે.એન. ચાવડા દ્વારા રમતવીરોને સંબોધિત કરવામાં આવ્યા હતા.







## University Athletics Selection

તા. ૧૧/૧૨/૨૦૨૨ના રોજ યુનિવર્સિટીના સિન્થેટીક ટ્રેક ખાતે એથ્લેટીકસની પસંદગી કરવામાં આવી હતી. જેમાં કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા દ્વારા રમતવીરોને સંબોધિત કરવામાં આવ્યા હતા.





## Department of Economics and Library & Information Science

### બુક રીવ્યુ




તા. ૬–૧૨–૨૦૨૨ને મંગળવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના સંયુકત ઉપક્રમે 'બુક રીવ્યુ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી પુસ્તક વિષે સંક્ષિપ્ત રજૂઆત કરી હતી. પ્રસ્તુત કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ ભાવેશ બલદાનીયા દ્વારા દરેક વિદ્યાર્થીમિત્રો અને અધ્યાપકોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવી ત્યારબાદ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના અધ્યાપકોને પુષ્પ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સ્પર્ધામાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં અભ્યાસ કરતા ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પુસ્તક વિષે પોતાનું વકતવ્ય રજુ કર્યુ હતું. પ્રસ્તુત સ્પર્ધાનાં મૂલ્યાંકન કાર્યમાં ડૉ. તૃપ્તિબેન વાંસિયા, ડૉ. પારૂલબેન પટેલ અને પ્રજ્ઞાબેન ધાધલ ઉપસ્થિત રહ્યાં હતાં. તમામ વિદ્યાર્થીઓનાં પુસ્તક સમીક્ષા રજૂ કર્યા બાદ પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. જેમાં પ્રથમ ક્રમ ભાવેશ બલાદાનિયા, દ્વિતિય ક્રમ સિમરન ભગત અને ત્રીજો ક્રમ બે વિદ્યાર્થીઓને આશા શેઠી અને શ્રદ્ધા દુબેને આપવામાં આવ્યો હતો. અંતે ડૉ. યોગેશભાઈ વાંસિયા દ્વારા વિદ્યાર્થીઓને જુદી જુદી પ્રવૃતિઓ કરવા માટે પ્રોત્સાહન પાઠવ્યું હતું.

## Department of Economics


### ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં તીરંદાજી (આર્ચરી)માં પસંદગી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ. પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ગામીત ઉત્તમ યોગેશભાઈ 'ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી કોમ્પિટીશન'માં તીરંદાજી (આર્ચરી)માં પસંદગી પામી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યુ છે. આ ખેલાડી પંજાબ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. જે બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી અને કો–ઓર્ડિનેટરશ્રીએ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી વિદ્યાર્થીનો ઉત્સાહ વધાર્યો હતો. તેમજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પુસ્તક આપીને સન્માન કર્યું. વિદ્યાર્થીની મહેનતે યુનિવર્સિટીની સાથે આપણા ગુજરાત રાજ્યનું પણ ગૌરવ વધાર્યુ છે અને બીજા ખેલાડીઓ માટે પણ એક શ્રેષ્ઠ ઉદાહરણ બન્યા છે.

### Best out of Weste Competition

તા. ૧૪–૧૨–૨૦૨૨ને બુધવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે 'Best Out of Weste Competition' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગનાં એમ.એ. સેમ–૪નાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રસ્તુત સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક કળા બહાર લાવવાનો હતો, વિદ્યાર્થીઓએ વિચાર કરીને જે વસ્તુ નકામી હોઈ જેનો કોઈ ઉપયોગ ન હોય તેમાંથી ઉપયોગી વસ્તુ બનાવી પોતાની સર્જનાત્મક કળા રજૂ કરવાનો હતો. જેમાં વિદ્યાર્થીઓએ જુદા જુદા પાંચ ગ્રુપમાં ભાગ લીધો હતો. દરેક ગ્રુપ દ્વારા જુદી જુદી સજાવટની અને ઉપયોગમાં આવે તેવી વસ્તુઓ બનાવી હતી. પ્રસ્તુત સ્પર્ધામાં વિદ્યાર્થીઓને પારિતોષિક માટે ૧ થી ૩ નંબર આપવામાં આવ્યા હતા. પ્રસ્તૂત સ્પર્ધામાં ડૉ. ગૌરાંગ ડી. રામી, ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. મનીષ આર. પટેલે નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી હતી.










## સેમીનાર

















તા.૨૯/૧૨/૨૦૨૨ને રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ અને જાહેર વહીવટી વિભાગનાં સંયુકત પ્રયાસથી 'Seminar on Various Fellowship/Internship Opportunities for Youth' વિષય પર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથી તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ રામી, પ્રાધ્યાપક ડૉ. યોગેશ એન. વાસિયા, જાહેર વહીવટી વિભાગના કો–ઓર્ડિનેટર મધુ થવાણી અને અધ્યાપક ડૉ. મમતા ભક્કડ હાજર રહ્યા હતા, તથા મુખ્ય વકતા તરીકે જાહેર વહીવટી વિભાગનાં અધ્યાપક શ્રી ઓમકારનાથ પાંડે ઉપસ્થિત હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત તરીકે પ્રાર્થના અને દીપ–પ્રાગટય દ્વારા કરી ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા કાર્યક્રમની રૂપરેખા પ્રસ્તુત કરવામાં આવી તથા કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ.કિશોરસિંહ ચાવડાએ પોતાનું વકત્વય રજુ કર્યું હતું જેમાં 'National Education Policy' ની ચર્ચા કરવામાં આવી હતી અને આ કાર્યક્રમ અંગે પ્રસંશા કરી ભવિષ્યમાં પણ આ પ્રકારનાં સેમીનાર/વ્યાખ્યાનનું આયોજન કરી વિદ્યાર્થીઓને માહિતીસભર બનાવવામાં આવે તે માટે અર્થશાસ્ત્ર વિભાગ અને જાહેર વહીવટી વિભાગને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ મુખ્ય વકતાશ્રી ઓમકારનાથ પાંડે દ્વારા પ્રસ્તુત વિષય પર પોતાનું વકતવ્ય રજુ કર્યુ, જેમાં Fellowship અને Internship વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી જેમાં જુદી જુદી Fellowship અને Internship યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. સેમીનાર દરમિયાન Teacher for India, Limb, Lamp Fellowship, Rajyasabha Research and Study Scheme, CMGGA, Aif, India Fellow, Gandhi Fellowship, SBI-Youth For India Fellowship, Media for Social Change Fellowship, Young Professional Program (YPP), International Innovation Corps (IIC), Azim Premji Foundation Fellowship અને Internship વિષે ચર્ચા કરી. આ સેમીનારની સમજુતીની સમાપ્તિએ વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ડૉ. મધુ થવાણીએ કાર્યક્રમની સમાપ્તિ સેમીનારમાં હાજર તમામનો આભાર વ્યકત કરીને કર્યો હતો. આ કાર્યક્રમમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## Department of Library Science & Information Science

### શૈક્ષણિક પ્રવાસ

તા. ૩૦ ડિસેમ્બર, ૨૦૨૨નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ માટે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનાં માર્ગદર્શન હેઠળ અમદાવાદ ખાતેનાં વિક્રમ સારાભાઈ પુસ્તકાલય (IIM, Ahemdabad) અને શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય (M.J.Library)ની મુલાકાત માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના B.L.I.Sc. અને M.L.I.Sc માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ સહિત ૩૨ સભ્યોએ શૈક્ષણિક પ્રવાસમાં ભાગ લીધો હતો. જેમાં આઈ.આઈ.એમ. અમદાવાદ અને એમ.જે.લાઈબ્રેરીના ગ્રંથપાલ દ્વારા ગ્રંથાલય સંબંધી ઝીણવટપૂર્વક માહિતી અને કામગીરી અંગે ચર્ચા કરી હતી. તેમજ ગ્રંથાલયમાં ઉપયોગી ટેકનોલોજીકલ સાધનો વિશે માહિતગાર અને ઉપયોગમાં કઈ રીતે લઈ શકાય તે સમજાવ્યું હતું. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ જાતે પ્રેકટીકલ કરીને અનુભવ મેળવ્યો હતો.














## વ્યાખ્યાન











તા. ૨૨/૧૨/૨૦૨૨ને ગુરૂવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં B.L.I.Sc અને M.L.I.Sc.નાં વિદ્યાર્થીઓ દ્વારા Academic Library with Dialogue વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. સીમા શુક્લા હાજર રહ્યા હતા. જેઓ સેન્ટર ફોર સોશિયલ સ્ટડીમાં ગ્રંથપાલ તરીકે ફરજ બજાવે છે. ડૉ. સીમા શુકલાએ 'Academic Library with Dialogue' વિષય પર વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી. ગ્રંથાલયમાં અલગ અલગ પ્રકારના વાચકો આવતા હોય છે ત્યારે વાચકને કઈ રીતે ઉપયોગી બનીએ તેના વિષે ચર્ચા કરી હતી. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના અભ્યાસ સંબંધી પણ ચર્ચા કરી હતી અને વિદ્યાર્થીઓનાં ગ્રંથાલય વિજ્ઞાન વિષયમાં ઉદ્ભવતા પ્રશ્નો પણ જવાબ આપ્યા હતા. કાર્યક્રમની સમાપ્તિ પર ડૉ. સીમા શુકલાને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ વતી પુસ્તક અને પ્રમાણપત્ર ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું. પ્રસ્તુત વ્યાખ્યાનમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો તથા ડૉ. યોગેશ એન. વાંસિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## Department of Public Administration

### સુશાસન દિવસની ઉજવણી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન દ્વારા તા. ૨૪, ડીસેમ્બર ૨૦૨૨ના રોજ સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આપણા ભારત રાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને ભારતરત્નશ્રી અટલ બિહારી બાજપાઈના જન્મદિવસને સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીનું સતત માર્ગદર્શન મળતું રહ્યું તથા કાર્યક્રમના અતિથિ તથા વકતા શ્રી બાલાજી રાજે કાર્યક્રમને અનુરૂપ જણાવ્યું કે, 'જયાં સુધી હરોળમાં ઉભેલ છેલ્લી વ્યકિત સુધી સરકારી લાભો ના પહોંચે ત્યાં સુધી શાસન, સુશાસન નથી કહેવાતું' ઉપરાંત 'મત્સ્યન્યાયનો સિદ્ધાંત' દ્વારા ભારતીય દર્શનમાં કાનુન અને શાસન વ્યવસ્થાનું ઉદાહરણ આપ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીગણ કે જેમાં વિદેશી વિદ્યાર્થીઓ તથા શોધાર્થી છાત્રો દ્વારા પણ તેમના દષ્ટીકોણ અનુરૂપ 'Minimum Government and Maximum Governance' વિશે ઉદબોધન આપવામાં આવ્યું. આ ઉપલક્ષમાં પબ્લિક એડમિનીસ્ટ્રેશન વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. મધુ થવાણી અને એસોસીએટ પ્રોફેસર ડૉ. નિલેશ જોશી અને વિભાગના અન્ય અધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા.

## Department of Sociology

### Saksham Scholarship Camp Initiative by Mahindra Finance CSR Foundation





In view to manage educational expenses, the programme was organised to facilitate and encourage quality education by providing scholarship to needy girl students those pursuing PG courses in university. It was organised in Seminar Hall, MSW Programme, Department of Sociology, VNSG University on 14th December 2022 from 1:00 to 6:00 PM. Saksham Scholarship is an initiative by Mahindra Finance CSR Foundation, implemented by Synergie. This is part of Swabhimaan, the flagship CSR program of Mahindra Finance, aimed at holistic development of drivers and their family members. Under the Saksham Scholarship initiative, scholarships will was provided to children of drivers for the academic year 2022-23.

The programme was coordinated by Udit Digal (Faculty of MSW) in collaboration with the representatives (Gajendra Karve, Tejas Paunikar, Mitesh Mhatre). The eligible students were invited in the department for the final interview to obtain the scholarship. The interview was taken by the representative of the organization.

## તાલીમ વર્કશોપ














જેન્ડર રિસોર્સ સેન્ટર, ગાંધીનગર અને MSW પ્રોગ્રામ, સમાજશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે તા. ૨૦/૧૨/૨૦૨૨ના રોજ જાતિય સંવેદનશીલતાના સંદર્ભમાં હિંસા મુક્ત સમાજના નિર્માણ તરફ–જાતિગત ભેદભાવ અને હિંસાના અટકાવમાં યુવાનોની ભૂમિકા વિષય પર એક દિવસીય તાલીમ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૦ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. રમેશદાન સી. ગઢવી, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડ, MSW પ્રોગ્રામના કો–ઓર્ડિનેટર ડૉ. અરુણ પંડયા તથા વિભાગના અન્ય અધ્યાપકો હાજર રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય વકતાઓ તરીકે મહિલા સેલ, ક્રાઈમ બ્રાન્ચ સુરતના ACP મીની જોસેફ, જેન્ડર રિસોર્સ ઓફિસર શૈલેન્દ્રકુમારી ઝાલા, વિષય નિષ્ણાંત શ્રી ગૌરવ ઠક્કર તથા એડવોકેટ હેતલ રામાણી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.

ગઢવી દ્વારા જાતિય સંવેદનશીલતાના સંદર્ભમાં પોતાના સ્વ અનુભવો જણાવ્યા હતા. પ્રથમ સેશન, વિષય નિષ્ણાંત શ્રી ગૌરવ ઠક્કર દ્વારા લેવામાં આવ્યું હતું જેમાં તેઓએ વિદ્યાર્થીઓને ખૂબ જ રસપ્રદ રીતે જેન્ડર અને સેક્સ વચ્ચેનો તફાવત ઊંડાણપૂર્વક સમજાવ્યો હતો. ત્યારબાદ બીજુ સેશન ACP મેડમ સુશ્રી મીની જોશેફ દ્વારા લેવામાં આવ્યું હતું જેમાં તેઓએ સોશયલ મીડિયાનો ઉપયોગ કરતાં સમયે ખૂબ જ ઉપયોગી બાબતો અંગે વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા તથા સાઈબર ક્રાઈમના વિવિધ કેસો અંગે તેઓના સ્વ અનુભવો વિદ્યાર્થીઓને જણાવ્યા હતા. તેઓએ ખાસ કરીને સોશ્યલ મીડિયાના માધ્યમ થકી મહિલાઓ સાથે થતા ગુનાઓ અને હિંસાઓ જેવી જાતિય સતામણી, બ્લેક મેલિંગ, ફોટો મોર્ફિંગ વગેરે બાબતો પર ખૂબ જ વિસ્તૃત રીતે સમજાવ્યું હતું. સાથે તેઓએ જાતિય સતામણીના અને સાઈબર ક્રાઈમના કિસ્સામાં સાઈબર પોલીસ દ્વારા સંચાલિત હેલ્પ લાઈન નંબર ૧૯૩૦ અંગે પણ માહિતી આપી હતી. ત્યારબાદ ત્રીજું સેશન ફરીથી ગૌરવ ઠક્કર દ્વારા લેવામાં આવ્યું હતું. જેમાં તેઓએ જાતિય સંવેદનશીલતામાં યુવાનોની ભૂમિકા અંગે ચર્ચા કરી હતી. ચોથું સેશન ડૉ. હેતલ રામાણી દ્વારા લેવામાં આવ્યું હતું જેમાં તેઓએ કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ ૨૦૧૩ અંગે વિદ્યાર્થીઓને સવિસ્તાર માહિતી આપી હતી. જેન્ડર રિસોર્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા તમામ વિદ્યાર્થીઓને, અને અધ્યાપકોને જાતિય સંવેદનશીલતાના સંદર્ભમાં વિવિધ સાહિત્ય સાથેની ફાઈલ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન MSW પ્રોગ્રામના અધ્યાપકો દ્વારા સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ, MSW પ્રોગ્રામના કો-ઓર્ડિનેટરનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. અંતે MSW પ્રોગ્રામના કો-ઓર્ડિનેટર દ્વારા જેન્ડર રિસોર્સ સેન્ટર, ગાંધીનગર, યુનિવર્સિટીના કુલપતિશ્રી અને કુલસચિવશ્રી, તથા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો આભાર માનવામાં આવ્યો હતો.

## કાનૂની જાગૃતિ કાર્યક્રમ












વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત અને MSW પ્રોગ્રામ, સમાજશાસ્ત્ર વિભાગ ખાતે તા. ૨૧ ડીસેમ્બર, ૨૦૨૨ના રોજ કાનૂની જાગૃતિના સંદર્ભમાં 'કાનૂની મદદ, પોક્સો અધિનિયમ ૨૦૧૨ અને સાઈબર ક્રાઈમ' વિષય પર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૭૦ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડ, MSW પ્રોગ્રામના કો-ઓર્ડિનેટર, ડૉ. અરુણ પંડયા તથા વિભાગના અન્ય અધ્યાપકો હાજર રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરતના સેક્રેટરી અને એડીશનલ સિનિયર સિવિલ ન્યાયાધીશ શ્રી એચ.કે.જોટાણીયા તથા લીગલ એડવોકેટ, મોના પંડયા, પેરા લીગલ વોલ્યુન્ટીયર શ્રદ્ધા શાહ અને એડવોકેટ હેતલ રામાણી ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા દ્વારા કાનૂની મદદના સંદર્ભમાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓને સંબોધતા તેઓએ જણાવ્યું હતું કે કાનૂની જાગૃતિ સાથે વિદ્યાર્થીઓએ પોતાની ફરજનું પાલન કરવું પણ જરૂરી છે. તેના થકી જ સભ્ય સમાજનું નિર્માણ શકય છે. કાર્યક્રમમાં પધારેલ મુખ્ય મહેમાન ન્યાયાધીશ શ્રી એચ.કે.જોટાણીયા દ્વારા જિલ્લા કાનૂની સત્તા સેવા મંડળનાં કાર્યો જેવાં કે કાનુની મદદ, પેરા લીગલ વોલેન્ટીયર અને પોકસો અધિનિયમ ૨૦૧૨ અંગે વિદ્યાર્થીઓએ સાથે વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. તેની સાથે તેઓએ તાલુકા અને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ અંતર્ગત પેરા લીગલ વોલ્યુન્ટીયરની રોજગારી જાહેરાત અંગેની વિશેષ માહિતી આપી હતી. જિલ્લા ન્યાયાલયમાં કાર્યરત એડ્વોકેટ મોના પંડયા દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના સાઈબર ગુનાઓ અંગે વિડિયો અને સાયબર ગુનાઓના ભોગ બનેલ વ્યકિતઓની કેસ સ્ટડીઓની ચર્ચા કરી વિદ્યાર્થીઓને સાઈબર ગુનાઓ કઈ રીતે બને છે અને કેવી રીતે સાવધાન રહી શકાય તેના અંગે ખાસ ચર્ચા કરી હતી. ત્યારબાદ શ્રીમતી શ્રદ્ધા શાહ કે જેઓ પેરા લીગલ વોલ્યુન્ટીયર તરીકે જિલ્લા કોર્ટમાં કામ કરે છે તેઓએ છોકરીઓ સાથે થતી ઘટનાઓ જેવી કે ઈમોશનલ બ્લેકમેલિંગ, શારીરિક અને માનસિક શોષણ દ્વારા કેવી રીતે

બચી શકાય તે અંગે ચર્ચા કરી હતી. એડવોકેટ હેતલ રામાણી દ્વારા કાનૂની સહાય માટે કાયદાકીય અને બંધારણીય જોગવાઈઓ અંગે ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન MSW પ્રોગ્રામના અધ્યાપકો દ્વારા સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તથા MSW પ્રોગ્રામના કો–ઓર્ડિનેટરનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. બહાદુરસિંહ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. મનોજ શર્મા દ્વારા કરવામાં આવી હતી. જેમાં તેઓએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહેલા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરતના ન્યાયાધીશ અને તેમની ટીમ તથા યુનિવર્સિટીના કુલપતિશ્રી, વિભાગના અધ્યક્ષશ્રી, MSW પ્રોગ્રામના કો–ઓર્ડિનેટર, ઉપસ્થિત અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.

## Department of Mathemetics

### રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે આવેલ ગણિતશાસ્ત્ર વિભાગમાં તા. ૨૨/૧૨/૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય ગણિત દિવસ (નેશનલ મેથેમેટિક્સ ડે) ની ઉજવણીનો કાર્યક્રમ કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો હતો જેમાં સિન્ડિકેટ સભ્ય અને ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા ડૉ. કે.સી.પોરીયા તથા મેથેમેટિક્સ અને સ્ટેટેસ્ટીક્સ વિભાગના શિક્ષકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વિભાગીય વડાશ્રી ડૉ. દિલીપભાઈ સી. જોષી દ્વારા આમંત્રિતોને પુષ્પગુચ્છથી સન્માનિત કરી આવકારવામાં આવ્યા હતા. શ્રી કિશોર પોરિયાએ તેમના ઉદ્‌બોધનમાં શ્રીનિવાસ રામાનુજનનાં જીવનના પ્રસંગોને આવરી વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા. કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાએ તેમના અધ્યક્ષીય પ્રવચનમાં વિદ્યાર્થીઓને આજ અને આવતીકાલની માનવજાતની પરિસ્થિતિનો ચિતાર આપી તેઓને સ્કીલબેઇઝડ કોર્સ અંગેની જરૂરિયાત શું છે તેની માહિતી આપી વિદ્યાર્થીઓને વધુમાં વધુ સ્કીલબેઇઝડ સર્ટિફીકેટ કોર્સ કરવાની હાકલ કરી હતી.

ઉદ્‌ઘાટન સમારોહ પછી વિભાગના વિદ્યાર્થીઓ માટે 'Acharya's Pingala Number System Vs Binary Number System' વિષય પર Online વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે ડૉ. ગજેન્દ્ર પ્રતાપ સીંઘ (સ્કુલ ઓફ કોન્પ્યુટેશનલ સાયન્સ, જે.એન.યુ. દિલ્હી)એ સેવા આપી હતી. વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને પ્રાચીન સમયનાં ગણિતની હાલનાં સમયમાં ઉપયોગિતા અંગે જાણકારી આપવામાં આવી હતી. આ સાથે વિભાગના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં ૧૨ જેટલા વિદ્યાર્થીઓએ ગણિત વિષયના જુદા જુદા પાસાં અંગે પ્રેઝન્ટેશન આપ્યાં હતાં. નિર્ણાયક તરીકે સ્ટેટેસ્ટીક્સ વિભાગનાં ડૉ. શીતલ પટેલ અને કેમેસ્ટ્રી વિભાગનાં ડૉ. સુષ્મા ઇજારદારે સેવા આપી હતી.

## Department of Mass Communication

### મીડિયા ક્ષેત્રમાં કરિયરની જાણકારી હેતુ ઝુંબેશ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના માસ કમ્યુનિકેશન એન્ડ જર્નાલીઝમ વિભાગ દ્વારા ૧૫ દિવસીય યોજનામાં ફેકલ્ટી તથા વિદ્યાર્થી દ્વારા માસ મીડિયા ક્ષેત્રમાં મળતી તકો વિશે વિવિધ સ્કૂલોમાં જઈને ધોરણ ૧૦ (દસ) અને ૧૨ (બાર) માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અને કોલેજોના વિદ્યાર્થીઓને માસ મીડિયા ક્ષેત્રની માહિતી પ્રેઝન્ટેશનનાં માધ્યમ દ્વારા આપવામાં આવી. માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલીઝમ કોર્સ કરવાથી કરિયરમાં સર્જાતી અવનવી તકો વિશે જણાવ્યું. આ કાર્યક્રમમાં દરરોજ અલગ અલગ વિસ્તાર અનુસાર વિદ્યાર્થીઓની ટીમો બનાવવામાં આવે છે અને વિવિધ સ્કૂલો તથા કોલેજોમાં જઈને વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવે છે. આ

કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, માસ કમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ વિભાગના વડાશ્રી ડૉ. ભરત ઠાકોર તથા અધ્યાપકશ્રી ડૉ. કિરણ મિત્તલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

## Department of Gujarati

### રાષ્ટ્રીય પરિસંવાદ

તા. ૩૦/૧૨/૨૦૨૨ના રોજ સવારે ૯:૩૦ કલાકે શ્રી ક.મા.મુનશી અધ્યયન પ્રકલ્પ એકમ ચેર અને ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ઉપક્રમે 'ગુજરાતી સર્જક અને તેની સામાજિક નિસબત' વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિસંવાદનાં નિમંત્રક અને ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ તથા શ્રી ક.મા.મુનશી અધ્યયન પ્રકલ્પ એકમ ચેરના કન્વીનર ડૉ. શરીફા વીજળીવાળાએ પરિસંવાદનો હેતુ જણાવતા કહ્યું કે સમાજમાંથી જ આવતો સર્જક સામાજિક પ્રવૃત્તિઓ સાથે સીધો કે આડકતરો જોડાયેલો હોય કે ન હોય, એનાં સાહિત્યમાં સમાજના અંશો તો ઝીલાય જ છે. એ દૃષ્ટિએ સાહિત્ય અને સમાજ કઈ રીતે એકબીજાં સાથે સંકળાયેલાં છે તે જાણવાના આશયથી આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

પરિસંવાદના સંયોજક અને વિભાગના પ્રોફેસર ડૉ. નરેશ શુક્લનાં સંચાલન હેઠળ શરૂ થયેલી ઉદ્‌ઘાટન બેઠકમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ઉપસ્થિત રહીને પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. જ્યારે બીજુ વક્તવ્ય જાણીતા સમાજશાસ્ત્રી ડૉ. વિદ્યુત જોશીએ આપ્યું હતું. જેમાં તેમણે સર્જન પાછળ જવાબદાર પરિબળો અને સમય, સ્થળ અને વર્ગ સંદર્ભે સર્જકોની સામાજિક નિસબત વિશે વાત કરી. ત્યારબાદ વિભાગના અધ્યાપક ડૉ. ભરત ઠાકોરના સંચાલન હેઠળ શરૂ થયેલી પ્રથમ બેઠકમાં ઈતિહાસના અધ્યાપક ડૉ. હેમંત દવે, નડિયાદની મહિલા કોલેજના આચાર્ય ડૉ. હસિત મહેતા અને ભરૂચની જે.પી. આર્ટ્સ કોલેજના નિવૃત્ત અધ્યાપક ડૉ. મિનલ દવેએ અનુક્રમે નર્મદ, ગોવર્ધનરામ ત્રિપાઠી અને કનૈયાલાલ મુનશીના સાહિત્યમાં સામાજિક નિસબત સંદર્ભે વ્યાખ્યાનનો આપ્યાં હતા.

વિભાગના અધ્યાપક ડૉ. પન્ના ત્રિવેદીનાં સંચાલન હેઠળ બીજી બેઠક ચાલી જેમાં વક્તા તરીકે ઉપસ્થિત સર્વાંગી કેળવણીના ચિંતક ડૉ. મનસુખ સલ્લા, 'બાપાની પીપર' સર્જક શ્રી કિરીટ દૂધાત, સાંપ્રત પ્રશ્નોના વિચારક શ્રી ડંકેશઓઝા અને અમદાવાદનસ રાષ્ટ્રભાષા કોલેજના અધ્યાપક ડૉ. વૈશાલી ધોળકીયાએ અનુક્રમે મનુભાઈ પંચોળી, જયંતિ દલાલ, ઉમાશંકર જોશી અને રઘુવીર ચૌધરીના સાહિત્યમાં સામાજિક નિસબત વિશે વક્તવ્યો આપ્યાં હતા. સાહિત્યકારો, સર્જકો પોતાનાં જીવન દરમિયાન જે કાંઈ જીવ્યાં, અનુભવો મેળવ્યાં તે બધું કોઈ ને કોઈ રીતે, કોઈ ને કોઈ સ્વરૂપે પોતાની કૃતિઓમાં લાવ્યા છે. અને સમાજ પ્રતિ પોતાની જવાબદારી નિભાવી છે તે બાબત આ વક્તવ્યોનાં અર્ક સ્વરૂપે સાંપડી હતી.

આ પરિસંવાદ તૃતિય અને અંતિમ બેઠકમાં શોધાર્થીઓએ પરિસંવાદના વિષયાનુરૂપ પોતાનાં સંશોધનપત્રો રજૂ કરનાર તમામને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. આજના ઝડપી યુગમાં વિદ્યાર્થીઓને અને નવીન સર્જકોને સમાજ પ્રતિ પોતાની નિષ્ઠા અને ફરજ તરફ પણ દૃષ્ટિપાત કરવાનો અંગુલિનિર્દેશ કરવામાં આ પરિસંવાદ સુપેરે સફળ રહ્યો હતો.















## Department of Rural Studies

### સ્ટાર્ટઅપ-ઈનોવેશન કાર્યક્રમ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામીણ અભ્યાસ વિભાગમાં સ્ટાર્ટઅપ-ઈનોવેશન કાર્યક્રમ યોજાયો. દેશનાં રૂરલ ક્ષેત્રનાં ડેવલોપમેન્ટ માટે તેમજ પ્રાકૃતિક ખેતી અને તેને સંલગ્ન ક્ષેત્રમાં રહેલ વિવિધ તકોનાં માર્ગદર્શન માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.કે.એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને ગ્રામીણ અભ્યાસ વિભાગના વડાશ્રી ડૉ. વિપુલ સોમાણીનાં માર્ગદર્શન હેઠળ સ્ટાર્ટઅપ અંગે જાગૃતિના વિષય પર એક સેમિનારનું આયોજન તા. ૨૭ ડીસેમ્બર,૨૦૨૨ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં કૃષિ ક્ષેત્રે ખેડૂતને કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને તેને હલ કરવા માટે કયા પ્રયત્નો કરી શકાય, તેમજ આધુનિક ભારતનાં નિર્માણમાં ગ્રામીણ વિકાસ અને કૃષિક્ષેત્રનાં યોગદાનનું મહત્વ સમજાવતાં આ ક્ષેત્રે રહેલી પુષ્કળ તકો જેમ કે બાયો-ફર્ટિલાઈઝર પ્લાન્ટમાંથી વર્મી કમ્પોસ્ટ બનાવી તેને અલગ લાગતું સ્ટાર્ટઅપ, લીમડાના રસ સાથે વિવિધ ફળફળાદીના રસના ઉપયોગથી ડાયાબિટીસના દર્દી માટે ચોકલેટ જેલી સ્વરૂપ દવા, હળદરના ગાંઠીયામાંથી કલમ કરી મલ્ટી વેજીટેબલ પ્લાન્ટ, ઉંબાડિયાં જેવી પ્રાદેશિક વાનગીઓનું ડી-હાયડ્રેશન કરી તેના એક્સ્પોર્ટ ઇમ્પોર્ટને લગતી તકો જેવા ઈનોવેટીવ આઈડિયાનાં ઉદાહરણ થકી વિદ્યાર્થીઓને પરંપરાગત માળખાકીય પશ્નોનું ફુલ આધુનિક ટેકનોલોજી સાથે કરી તેમાંથી સ્ટાર્ટઅપ તેમજ પેટન્ટ ઊભી કરવા માટે પ્રોત્સાહિત કરાયા હતા. તેમજ તેના માટે સરકાર તરફથી સ્ટાર્ટઅપ અંગે કઈ કઈ ગ્રાન્ટ (સહાય) મળી શકે તેમજ તેને કેવી રીતે મેળવી શકાય તેની માહિતી યુનિવર્સિટીના શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી. આ સેશન દરમ્યાન કુલ ૫૨ (બાવન) જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. દિપક ભોયા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## Department of Fine Arts

### Artist Meet 2022-2023






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલ ખાતે તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ફાઈન આર્ટસ વિભાગ દ્વારા 'Artist Meet 2022-2023'નું આયોજન કરવામાં આવ્યું . આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ફાઈન આર્ટ્સ વિભાગના કો-ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલ, અને કાર્યક્રમના કો-ઓર્ડિનેટર શ્રી આકાશ ભોયા ઉપસ્થિત રહ્યા હતા અને તેમનાં માર્ગદર્શન દ્વારા "Artist Meet 2022-2023" કાર્યક્રમ સફળ રહ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય વકતા બરોડાના પ્રિન્ટમેકિંગના નિષ્ણાત શ્રી દુર્ગા પ્રસાદ બાંદીએ યુનિવર્સિટીની મુલાકાત લીધી અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી અવનવું શીખવ્યું. હેન્ડ પ્રિન્ટીગ એવો વિષય છે જે વર્ષ ૧૫૫૬ થી ચાલતો આવે છે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આ પદ્ધતિને એકેડેમીકસમાં વર્ષોથી શીખવાડવામાં આવે છે. બરોડા પ્રિન્ટ મેકિંગનાં નિષ્ણાત દુર્ગા પ્રસાદ બાંદી એમ.એસ.

યુનિવર્સિટી ઓફ બરોડાના ફાઈન આર્ટસ વિભાગમાં પ્રાધ્યાપક છે, એમણે તેમનાં કામનું પ્રસ્તુતિકરણ આપ્યું અને વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા. કલાકારે પ્રિન્ટીંગમેકિંગમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવી છે. બંદીના મત મુજબ કાળો રંગ તેમના ભૂતકાળની છાયા અને તેમના વર્તમાનનો મોહ છે, જે તેમની કલાકૃતિનો મૂળભૂત વિષય છે. તેમની વિશેષતા સેરીગ્રાફી, ડ્રાયપોઇન્ટ અને વુડકટમાં છે. ઉપરાંત તેમણે પ્રિન્ટમેકિંગ, અને અશકય રજિસ્ટ્રેશન, મલ્ટીપલ પ્રિન્ટીંગ અને પેઈન્ટીંગમાં (મુવમેન્ટ) બતાવીને વિવિધ માધ્યમોથી ઉપલબ્ધિ હાસિલ કરી છે. આ ઉપરાંત તેમણે કોરોના કાળમાં અને એ પહેલાં સેફટી માસ્ક ઉપર કામ કર્યા હતાં. તેમણે માટી, વૃક્ષ, પ્રાણી, પક્ષી અને જે હાલનું પર્યાવરણ પ્રદુષિત થાય છે તેવા વિષયોને મહત્ત્વ આપીને કલાકૃતિઓ બનાવી છે.

## શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન થયેલ સ્કેચ, ડ્રોઈંગ અને ફોટોગ્રાફસનું પ્રદર્શન





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ફાઈન આર્ટ્સ વિભાગમાં તા. ૧૭, ડિસેમ્બર ૨૦૨૨ના રોજ શૈક્ષણિક કાર્યક્રમનાં ભાગરૂપે દરેક વર્ષે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ કાર્યક્રમને અનુરૂપ ઉદ્‌બોધન આપી વિદ્યાર્થીઓનું પ્રોત્સાહન વધાર્યુ હતું. આ કાર્યક્રમ ફાઈન આર્ટ્સ વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલ, વિઝયુઅલ આર્ટીસ્ટ શ્રી કૃણાલ કંસારા, વિઝયુઅલ આર્ટીસ્ટ શ્રી રાહુલ કંથારિયા દ્વારા કરવામાં આવ્યા હતા. જેમાં પાછલાં વર્ષોમાં હમ્પી બાદામી, વેસ્ટ બેંગોલ, અજંતા–ઈલોરા, પોંડિચેરી જેવી જગ્યાઓએ જઈ ત્યાંના કલ્ચર, લાઈફ સ્ટાઈલ, રીતિ–રિવાજ, વારસાનો અભ્યાસ કર્યો છે. જેથી વિદ્યાર્થીઓને એક નવું એક્સપોઝર મળ્યું છે અને નવા દષ્ટિકોણ બન્યાં છે. આ વર્ષે સ્ટડીઝ ટુર ઔરંગાબાદથી અજંતા તેમજ ઈલોરા, તા. ૨૧/૧૧/૨૦૨૨ થી તા. ૨૮/૧૧/૨૦૨૨ના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઔરંગાબાદ, અજંતા, ઈલોરા અને પિત્તલખોરાની ગુફામાં ઐતિહાસિક દૃષ્ટિકોણ સાથે વિદ્યાર્થીઓ દ્વારા સ્કેચીંગ, ડ્રોઈંગ અને ફોટોગ્રાફી કરવામાં આવી હતી, જેનું ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈન આર્ટસમાં તા. ૧૯/૧૨/૨૦૨૨ સોમવાર સુધી પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને જાહેર જનતાને પ્રદર્શન નિહારવા માટે ખૂલ્લું મુકવામાં આવ્યું હતું.

## ફોટોગ્રાફી વર્કશોપ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ચાલતા ફાઈન આર્ટ્સ વિભાગમાં અપ્લાઈડ આર્ટ ડિપાર્ટમેન્ટમાં શૈક્ષણિક કાર્યક્રમનાં ભાગ રૂપે તા.૧૭/૧૨/૨૦૨૨ના રોજ ફોટોગ્રાફી વર્કશોપનું આયોજન થયું હતું. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વર્કશોપને અનુરૂપ ઉદ્દબોધન આપી વિદ્યાર્થીઓનું પ્રોત્સાહન વધાર્યુ હતું. આ વર્કશોપ ફાઈન આર્ટ્સ વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલ, ફોટોગ્રાફર ચિંતન મહેતા અને એનિમેશન મૌલેશ પટેલ અને વિઝયુઅલ આર્ટિસ્ટ વર્કશોપ કો–ઓર્ડિનેટર કૃતિ ગમનનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં વિડિયો એડિટીંગ સ્ટોપ મોશન, વિડિયો મેકિંગ, ઓઉટડોર ફોટોગ્રાફી, પ્રોડોકટ ફોટો અને સુરત શહેરની ફેમસ અને સુરત શહેરને રિપ્રેઝન્ટ કરતી હોય એવી મારું સુરત ફોટોગ્રાફી સિરીઝનું પ્રદર્શન કરવામાં આવ્યું હતુ અને જાહેર જનતાને પ્રદર્શન નિહારવા માટે ખૂલ્લું મુકવામાં આવ્યું હતું.

## Department of Architecture


### આર્કિટેકચર ઓફ ટુમોરો















શ્રી ગીજુભાઈ છગનભાઈ પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ આર્કિટેકચર દ્વારા તા. ૨૩/૧૨/૨૦૨૨ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનાં માર્ગદર્શન હેઠળ 'મેક ઇન્ડિયા બેસ્ટ' થીમ પર પરિસંવાદ 'Symposium 2.0' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં 'આર્કિટેકચર ઓફ ટુમોરો વિષય પર નિરમા યુનિવર્સિટીના આર્કિટેકચર ડીપાર્ટમેન્ટના ડીન ડૉ. ઉત્પલ શર્મા તથા ભોપાલના પ્રખ્યાત આર્કિટેકચર શ્રી અમોઘ ગુપ્તા દ્વારા મુખ્ય વકતવ્ય આપી વિદ્યાર્થીઓનાં જ્ઞાનમાં વૃદ્ધિ કરી હતી. આ પરિસંવાદનાં ભાગ રૂપે એક પેનલ ડિસ્કશન પણ યોજાયેલ હતું. જેમાં આર્કિટેકચર વિભાગના આચાર્ય શ્રી રાજેશ મહેતા, ડૉ. ઉત્પલ શર્મા, શ્રી અમોઘ ગુપ્તા, આર્કિ. આઝમી વાડીયા, આર્કિ. મિહિર પરીખ તથા વિભાગના કેટલાક વિદ્યાર્થીઓએ ભવિષ્યના આર્કિટેકચર વિશે પોતાનાં મંતવ્યો રજૂ કરી સામુહિક વિશ્લેષણ કર્યું. આ પરિસંવાદ દ્વારા દક્ષિણ ગુજરાતની ઘણી આર્કિટેકચર કોલેજના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને નિષ્ણાતોનાં જ્ઞાનનો લાભ થયો અને કાર્યક્રમ સફળ બન્યો.

## Ph.D.

Notification Received in the University Library during the 6 August 2022 to 22 December 2022.

**BIOSCIENCE (ANIMAL SCIENCE)**

1. Chaudhari, Priyanketa Dansing. Comparative Studies of Treated Industrial Effluent on Physiology of Fish Cirrhinus mrigala and Danio rerio Near Ukai Region. (Guide: Dr. Kailash P. Patel, Assistant Professor, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2703.

**BIOSCIENCE (BIOTECHNOLOGY)**

1. Patel, Kartik Vinodbhai. A Study on ENZYMES Assisted Biobleaching of Kraft Pulp. (Guide: Dr. Pravinbhai Dudhagara, Assistant Professor, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2737.

2. Vansia, Ashaka Shailesh. Profiling of Antimicrobial Resistance in Human and Animal-Associated Bacterial Species. (Guide: Dr. Pravinbhai Dudhagara, Assistant Professor, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2701.

**BIOSCIENCE (BOTANY)**

1. Das, Ayantika Shanti. Environmental and anthropogenic influences upon plants in Valsad District of South Gujarat. (Guide: Dr. Jignaben Desai, Associate Professor, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2693.
2. Panchal, Bhoomikumari Pankajbhai. A Comparative Study of Whole Plants of Desmostachya bipinnata and Cynodon Dactylon. (Guide: Dr. Mayuri C. Rathod, Assistant Professor, Department of Biotechnology, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2704.

**BIOSCIENCE (MICROBIOLOGY)**

1. Raval, Hiral Shantilal. A Study on the Prevalence of Endophytic Salmonella sp. In raw Salad Vegetables From Surat Region and Their Prevention. (Guide: Dr. Alkesh I. Shah, Associate Professor, B. P. Baria Science Institute, Navsari). Ph.D. Notification No.2706.

**COMMERCE/ACCOUNTANCY**

1. Pamnani, Deepa Santosh. "MVA VIS-À-VIS EVA : An analysis of selected Pharmaceutical Companies Listed On BSE". (Guide: Dr. Martina R. Noronha, Principal, Sir K.P. College Of Commerce, Athwalines, Surat). Ph.D. Notification No.2695.
2. Patel, Nirdoshkumar Jitendrabhai. A Study on financial Statement of selected Fertilizer companies in India. (Guide: Dr. B. N. Dhimmar, Associate Professor, J.Z.Shah Arts & H.P. Desai Commerce College, Surat). Ph.D. Notification No.2699.
3. Bhomachiya, Ghanshyam Hasmukhbhai. Customer Satisfaction & Growth Analysis of Selected Life Insurance Companies. (Guide: Dr. Kumudini Thakor, Ex. Associate Professor, Navyug Commerce College, Surat). Ph.D. Notification No.2714.
4. Narang, DineshKumar. Effects of Corporate Public Announcement (Buyback Split and Bonus Issue) On Prices of Shares Listed on Stock Exchange. (Guide: Dr. Purnima P. Jariwala, Ex. Associate Professor, K.P. College of Commerce, Athwalines, Surat). Ph.D. Notification No.2707.
5. Gangadwala, Dhruv Rohitkumar. A Measurement of Relationship Between Cost of Capital and Capital Structure of Selected Pharmaceuticals Companies. (Guide: Dr. Mukesh R. Goyani, Principal, Prof. V.B. Shah Institute of Management, R. V. Patel College of Commerce, V.L. Shah College of Commerce, Sutex Bank College of Computer Applications & Science, Amroli, Surat). Ph.D. Notification No.2708.

**CHEMISTRY**

1. Patel, Geetaben Vashrambhai. "Semi-Conductor and Oxidant Mediated Removal of Agricultural Pollutants". (Guide: Dr. Saurabh K. Patel, Professor & Head, Department of Chemistry, Veer Narman South Gujarat University, Surat). Ph.D. Notification No.2692.
2. Patel, Jankiben Jayantibhai. Synthesis and Biological Screening of Some Novel Hybrid Heterocycles Entities. (Guide: Dr. Kishor H. Chikhalia, Professor, Department of Chemistry, Veer Narman South Gujarat University, Surat). Ph.D. Notification No.2734.

**COMMERCE/STATISTICS**

1. Ahir, Sanjay Ramanbhai. "Multi-Objective Transportation Problem and Their Solutions Using Fuzzy Programming Approach". (Guide: Dr. Harshad M. Tandel, Associate Professor, Smt. C.D.J.Rofel Arts & Smt. I.S.R.A. Rofel Commerce College, Vapi). Ph.D. Notification No.2697.
2. Vagadiya, Jignasha Ravjibhai. A Comparative Analysis of Selected Indian AMCs : A Study of Equity Based Fund. (Guide: Dr. Harshad M. Tandel, Ex. Associate Professor, Smt. C.D.J.Rofel Arts

& Smt. I.S.R.A. Rofel Commerce College, Vapi). Ph.D. Notification No.2732.

**ECONOMICS**

1. Parmar, Sumitkumar Parsottamdas. ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને તેનું તુલનાત્મક આર્થિક અન્વેષણ. (Guide: Dr. Vijaykumar A. Joshi, Principal, M. K. College of Commerce, Bharuch). Ph.D. Notification No.2698.
2. Patel, Fenil Khandubhai. સહકારી ખાંડ ઉદ્યોગમાં કામ કરતા કામદારોની આર્થિક–સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ (સુરત જિલ્લાના સંદર્ભમાં). (Guide: Dr. Dilip L. Varsani, Principal, Shree J. B. Dharukawala Mahila Arts College, Varachha Road, Surat). Ph.D. Notification No.2715.
3. Chandarana, Rita C. ભિવંડી શહેરમાં પાવરલૂમ ક્ષેત્રમાં કામ કરતા અસંગઠિત કામદારોની સામાજિક, આર્થિક અને સ્વાસ્થ્ય વિષયક પરિસ્થિતિનો એક અભ્યાસ. (Guide: Dr. S. Srinivasa Rao, Ex. Profrssor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2710.
4. Mehta, Divyesh Mukeshchandra. An Analysis of Saving Behaviour and Retirement Planning in the Private Sector of Surat City. (Guide: Dr. Gaurang Rami, Profrssor & I/c. Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2711.
5. Bathwar, Hansa Govindbhai. Urban Health in Gujarat : Reference to Surat. (Guide: Dr. S. Srinivasa Rao, Ex. Profrssor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2731.

**ENGLISH**

1. Kansara, Kalpesh Dilipchandra. A Critical Study of Screen Adaptations of Peter Shaffer's Three Plays : The Royal Hunt of the Sun, Equus and Amadeus. (Guide: Dr. Chaitanya Desai, M. T. B. Arts College, Surat). Ph.D. Notification No.2713.
2. Dave, Urvashi Hanjanlal. Translation of Selected Surrealistic Poems by Gulam Mohammed Sheikh and Sitanshu Yashaschadra Mehta into English and their Evaluation. (Guide: Dr. Amit Prajapati, Associate Professor, Department of English, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2735.
3. Desai, Deepaben Madhusudan. A Study of the Adaptation of Selected Novels to Films. (Guide: Dr. Amit Prajapati, Associate Professor, Department of English, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2729.
4. Desai, Dhara Samirbhai. Designing Need Based Syllabus with Special Reference to Foundation Course in English Curriculum of VNSGU. (Guide: Dr. Paresh B. Joshi, Professor, Department of English, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2730.

**EDUCATION**

1. Robins, Motibhai Bhagat. Effectiveness of IWB Technology for Teaching Science and technology subject of Standard 8th Students of Narmada District. (Guide: Dr. Pravinchandra R. Master, Associate Professor, College of Education, Kharod, Bharuch). Ph.D. Notification No.2700.

**GUJARATI**

1. Parmar, Chhayaben Kalidas. ગુજરાતી કવિતામાં રામાયણનાં ગૌણપાત્રોની ભુમિકા. (Guide: Dr. Merubhai Vadhel, Associate Professor, Smt. R. P. Chauhan Arts & Smt. J. K. Shah & Smt. K. D. Shah Commerce College, Vyara, Tapi). Ph.D. Notification No.2694 .
2. Gami, Amitkumar Ramjibhai. ચાર ગઝલકારો–એક અભ્યાસ (રાજેન્દ્ર શુકલ, મનોજ ખંડેરિયા, હરીશ મીનાશ્રુ અને રાજેશ વ્યાસ 'મિસ્કીન'). (Guide: Dr. Arjunsinh Gadhvi, Principal, V. T. C Mahila Arts & Commerce College, Dahegam-Manuber Road, Bharuch). Ph.D. Notification No.2716.

**HINDI**

1. Chaudhari, Smitaben Kundanbhai. **चयनित हिन्दी उपन्यासकारों के उपन्यासों में दलित चेतना**. (Guide: Dr. Rajeshbhai A. Patel, Principal, Govt. Arts & Commerce College, Fort Songadh, Tapi). Ph.D. Notification No.2709.

**LIBRARY & INFORMATION SCIENCE**

1. Desai, Dipti Upendrabhai. Utilization of standing Operating Procedure in Health

Science Library Services : With Special Reference to Medical Colleges of Gujarat. (Guide: Dr. Sanjeevkumar B. Sharma, Librarian, Surat Municipal Institute of Medical Education & Research (SMIMER), Surat). Ph.D. Notification No.2739.

**MANAGEMENT**

1. Joshi, Sanjaykumar Satyanarayan. "Investore' Behavior With Reference to Cognitive Dissonance Among Retail Investors Dealing in Equity Market from Surat City" . (Guide: Dr. Jaydip Chaudhari, Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2038.
2. Gajera, Hina Kantilal. "Efficiency Of Weather Derivatives As Primary Crop Insurance Instruments In Gujarat". (Guide: Dr. Namrata N. Khatri, Assistant Professor, G. H. Bhakta Management Academy, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2037.
3. Lathiya, Amit Ravjibhai. "Service Quality And Customer Satisfaction in Online Retail Sector". (Guide: Dr. Munira Habibullah, Ex. Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2696.
4. Chauhan, Viral Atulkumar. A Study on Effect of Advertisement on Consumer Buying Decision and Brand Preference with special Reference to Consumer Durables in Surat District. (Guide: Dr. Janki Mistry, Assistant Professor, G. H. Bhakta Management Academy, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2736.
5. Vora, Viral Pradipbhai. A Study on Customers Awareness and Perception Towards Life Insurance Policy : With Special Reference to Vapi City. (Guide: Dr. Munira Habibullah, Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2705.

**MATHEMATICS**

1. Contractor, Kalindi Jagdishchandra. The Solution of Some Viscous Non-Newtonian Fluids Flows Through Porous Media . (Guide: Dr. Manishbhai Tailor, Associate Professor, The Patidar Gin Science College, Bardoli). Ph.D. Notification No.2738.
2. Patel, Vinita Gopalbhai. An Algorithm for the Object Identification. (Guide: Dr. Kaushal B. Patel, Assistant Professor, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2702.

**PHYSICS**

1. Patel, Vaishalikumari Ranchhodbhai. Study of Metal Oxide Materials Using Density Functional Theory. (Guide: Dr. P. B. Thakor, Professor, Department of Physics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2712.

**POLITICAL SCIENCE**

1. Pandya, Jagruti Kantibhai. ગુજરાત રાજ્યમાં ગુરૂબ્રાહ્મણ સમાજની સામાજિક–રાજકીય સ્થિતિ એક અભ્યાસ. (Guide: Dr. G. M. Butani, Registrar, K.S.K.V. Kachchha University, Bhuj, Kachchh.). Ph.D. Notification No.2733.

**M.Phil.**

Notification Received in the University Library during the 13 September 2022 to 17 November 2022.

**GUJARATI**

1. Shaikh, Ameenabibi Alimuddin. ભગીરથ બ્રહ્મભટ્ટના નિબંધસંગ્રહો : એક અધ્યયન. (Guide: Dr. Ashokbhai B. Solanki, Assistant Professor, Shree Morarji Desai Arts & Commerce College, Buhari). Ph.D. Notification No.2040 .
2. Suthar, Rajendra Chhaganbhai. 'છાવણી' (ધીરેન્દ્ર મહેતા) અને 'મનપ્રવેશ' (રવીન્દ્ર પારેખ) નવલકથાઓમાં વાસ્તવનું આલેખન : એક અભ્યાસ . (Guide: Dr. Arjunsinh Gadhvi, Principal, V. T. C Mahila Arts & Commerce College, Dahegam-Manuber Road, Bharuch). Ph.D. Notification No.2039.

## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### સેમિનાર



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૯/૧૨/૨૦૨૨ના રોજ નેશનલ ગ્રુપના સહકારથી ઇ.ચા. પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ 'કારકિર્દી માર્ગદર્શન અને વિદેશમાં શિક્ષણ' ના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી અર્ચનાબેને હાજર રહી વિદ્યાર્થીઓને વિદેશમાં કારકિર્દી આયોજન અને વિદેશમાં શિક્ષણને લગતી તમામ માહિતી આપવામાં આવી હતી. ઈ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો દ્વારા અને પ્રા.ડૉ.સેજલબેન દેસાઈએ પુસ્તકો દ્વારા મુખ્ય વક્તાઓ અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ઉપસ્થિત સર્વે મહેમાનોનો પરિચય પ્રા. ભ્રાતીબેન ગોહેલે કરાવ્યો હતો. દ્રશ્ય શ્રાવ્ય જોઈને સમગ્ર વાતાવરણ આનંદ અને ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કોલેજના NSS, NCC સહિત રસ ધરાવતા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્રા.મનીષભાઈ ટેલર દ્વારા કરવામાં આવી હતી.

#### રકતદાનની શ્રેષ્ઠ કામગીરી બદલ 'જય જલારામ ટ્રોફી' દ્વારા સન્માનિત



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત અમરોલી કોલેજ કેમ્પસ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન સ્વૈચ્છિક રકતદાન માટે આયોજિત શિબિરોની શ્રેષ્ઠ કામગીરી બદલ તા. ૧૯–૧૨–૨૦૨૨ને રવિવારના રોજ સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરની યોજાયેલ ૪૬મી સામાન્ય સભામાં સુરત શહેરના પ્રથમ નાગરિક મેયર શ્રીમતિ હેમાલીબેન બોઘાવાલાના વરદ હસ્તે "જય જલારામ ટ્રોફી" આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

#### ફેમિકોન–૨૦૨૨ : સેમિનાર






'સ્ત્રી સશકિતકરણ અને બેટી વધાવો, બેટી પઢાવો, આરોગ્યલક્ષી કાર્યક્રમ' અંતર્ગત FEMICON-૨૦૨૨ સેમિનારનું દામિની અને જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના સંયુકત ઉપક્રમે SMC નાં સંયોજનથી તા. ૨૪–૧૨–૨૦૨૨ને શનિવારના રોજ સવારે ૮:૩૦ થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે આયોજન થયું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી દિલીપભાઈ દેશમુખ (Social Worker, Activist for Angdan) હાજર રહ્યા હતા. તેમજ અતિથિવિશેષ તરીકે ડૉ. આશિષભાઈ નાયક (ડેપ્યુટી હેલ્થ કમિશનર SMC) અને પ્રિ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડા (Hon. Vice Chancellor, VNSGU) હાજર રહ્યા હતા. તે ઉપરાંત વિવિધ સિન્ડિકેટ તેમજ સેનેટ મેમ્બર પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સેમિનારનું આયોજન ડૉ. ભૂપેશભાઈ ચાવડા (પ્રેસિડેન્ટ, દામિની) અને ઈ.ચા.અચાર્ય ડૉ. રાજેશકુમાર ડી. રાણા (જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી)નાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સુરતની વિવિધ કોલેજોની ૧૦૦૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જે પૈકી જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ,

અમરોલીની ૨૬૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સુરત અને સુરતની બહારથી આવેલ વિવિધ ડૉક્ટરોએ સ્ત્રીઓને લગતા વિષય જેવા કે, PCOS, PCOD, Health Tips, સંધિવા, હોર્મોન્સ, IVF ને લગતી માહિતીથી વિદ્યાર્થિનીઓએ માહિતગાર કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. હેત્વી ચાવડા, ડૉ. ઝંખના પરમાર અને ચેલ્સી પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ કોલેજોના અધ્યાપકોએ પણ હાજરી આપી હતી.

## વાર્ષિક ખાસ શિબિર





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના NSS યુનિટ દ્વારા પરિયા ગામ ઓલપાડ ખાતે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ તા. ૨૯–૧૨–૨૦૨૨ને ગુરૂવારથી તા. ૪–૧–૨૦૨૩ને બુધવાર સુધી સાત દિવસીય વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૯–૧૨–૨૦૨૨ને ગુરૂવારના રોજ બપોરે ૩ કલાકે શિબિરનું ઉદ્‌ઘાટન સૌ પ્રથમ પ્રાર્થનાથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કોલેજ અને NSS ગીત બાદ મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખાસ શિબિરને ૭ દિવસ માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહેમાનોનું સ્મૃતિભેટ સાથે સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો દ્વારા અને.એસ.એસ.નું મહત્ત્વ અને એન.એસ.એસ. શું છે? તે સમજાવવામાં આવ્યું. ઉપસ્થિત સૌ મહેમાનોએ NSS શિબિર માટે શુભકામના પાઠવી હતી. ઉદ્‌ઘાટન પ્રસંગે જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, પરિયા ગામના સરપંચશ્રી અનિરુદ્ધસિંહ ગોહિલ, કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ તથા શાળાનાં બાળકો તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. વિજયભાઈ, પ્રા. જીતેન્દ્રભાઈ, પ્રા. નિહારિકાબેન, પ્રા. ડૉ. મયંકભાઈ અને પ્રા. પંકજભાઈ હાજર રહ્યાં હતાં.

સમગ્ર ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન રા.વ. પટેલ હાઈસ્કૂલના આચાર્યશ્રી દિલીપસિંહ મહીડા દ્વારા કરવામાં આવ્યું હતું અને પ્રોગ્રામ ઓફિસર પ્રા. નિહારિકાબેને સૌનો આભાર વ્યક્ત કરી રાષ્ટ્રગાન ગાવામાં આવ્યું હતું. પરિયા ગામનાં મંદિરનાં પરિસર અને પાણીના ટાંકાની આજુબાજુમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ સાફ–સફાઈનું શ્રમ–કાર્ય કર્યું હતું તેમજ અન્ય સ્વચ્છતાના કાર્યો કરવામાં આવ્યા.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

## ઓરિએન્ટેશન પ્રોગ્રામ



જીવન જ્યોત ટ્રસ્ટ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં પ્રથમ વર્ષ બી.સી.એ. વિંટર સેશનમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષના પ્રથમ દિવસે તા. ૦૨/૧૨/૨૦૨૨ના રોજ બી.સી.એ. વિંટર સેશન અભ્યાસક્રમ અંગે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના માનદ્ મંત્રીશ્રી અશ્વિભાઈ પટેલ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સેનેટ મેમ્બર શ્રી ગણપતભાઈ ધામેલીયા હાજર રહ્યા હતા. વક્તા શ્રીઓએ જણાવ્યું હતું કે હવે વિદેશની જેમ વિંટર સિઝનમાં પ્રવેશ મેળવી આગળ અભ્યાસ કરવો સરળ બન્યું છે તેમજ સુરતને આઇ.ટી.હબ બનાવવું એ આ જ વિદ્યાર્થીઓના

હાથમાં છે, જેનો શ્રેય જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીની કોલેજ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટને જાય છે. તેમજ વિદ્યાર્થીઓ વિદેશમાં ન જતાં ભારતમાં વિદેશી આઈ.ટી. કંપની આવે અને સુરતમાં બિઝનેસ કરશે તે સમયગાળો દૂર નથી. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ બીસીએ કો–ઓર્ડિનેટર જેમીન શુકલા તેમજ બી.સી.એ. વિંટર સેશનના અધ્યાપકો દ્વારા સંચાલન કરવામાં આવ્યુ હતું.

## ગૌરવ



તા. ૨/૧૨/૨૦૨૨ અને તા. ૩/૧૨/૨૦૨૨ દરમ્યાન ગોવાના સાવાડોર ડુ મુન્ડે બોક્ષીગ સેન્ટર ખાતે યોજાયેલ વેસ્ટ ઝોન વુમન બોક્ષીગ ચેમ્પયનશીપમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી બોક્ષીગ સ્પર્ધામાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુત ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ),વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં અભ્યાસ કરતી એફ.વાય. બી.કોમ.ની વિદ્યાર્થિની સેલજા સીગે સિનીયર કેટેગરીમાં ૫૭ કે.જી. વેઈટમાં સીલ્વર મેડલ મેળવી કોલેજ યુનિવર્સિટી, સુરત શહેર તેમજ ગુજરાતનું ગૌરવ વધારવા બદલ કોલેજ સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેંકા, આચાર્ય શ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટફ તથા જીવન જ્યોત ટ્રસ્ટી તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

## પોક્સો એક્ટ અંગે કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં પ્રથમ અને બીજા વર્ષ બી.સી.એ. વિંટર સેશનના વિદ્યાર્થીઓ માટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત દ્વારા પોકસો એકટ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે સુરત જિલ્લા કોર્ટના જજ શ્રી એચ.વી. જોટાણીયા, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરતના પી.એલ.વી.કિરીટભાઈ ડી.સાવલીયા, પેનલ એડવોકેટશ્રી વિમલકુમાર પાનવાલા હાજર રહ્યા હતા. વકતાશ્રી ઓએ જણાવ્યું હતું કે જાતીય શોષણ, બાળકોની સાથે યૌન અપરાધો અંગે ભારતમાં કાયદો, બાળકો એટલે કે ૧૮ વર્ષથી નીચેના વ્યકિતઓ ગુનાહા બાબતે તેમજ રહેઠાણ સોસાયટીમાં ગુનાહા અટકાવવા કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમજ યુવક યુવતીઓને સંદેશો આપતાં જણાવ્યું કે યુવક યુવતી સાથે પ્રેમ થવાના કારણે અશ્લીલ ચેનચાળા, શારીરિક અડપલા વિગેરે હરકતોથી શારીરિક ઉતેજનામાં આવી નહિ કરવાનાં કૃત્યો કરવાથી ગુનો બને છે. યુવક યુવતી વચ્ચે પ્રેમ હોવા છતાં સંમતિ વિના જાતીય હુમલાનું કૃત્ય કે શારીરિક સંબંધના કિસ્સામાં ૨૦ વર્ષ અને દેહાંત દંડની જોગવાઈ કાયદામાં છે. તેમજ જાતીય શોષણ વિશે ફરિયાદ કે માહિતી મળે તો તુરંત ચાઇલ્ડ હેલ્પલાઈન–૧૦૯૮, સ્થાનિક પોલિસ–૧૦૦ અને નાલસા હેલ્પલાઈન નંબર–૧૫૧૦૦ વિશે માહિતી આપી આ નંબર પર ફરિયાદ કરવા જણાવેલ હતું. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ પ્રાધ્યાપક શ્રી ભરત બસરાની તેમજ પ્રા. આયુસી સુરતવાળાએ સંચાલન કર્યુ હતું. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## અંગદાન એજ મહાદાન અંગે વકતવ્ય



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં તા. ૨૩/૧૨/૨૦૨૨ના રોજ 'અંગદાન એજ મહાદાન' વિષય પર કાર્યક્રમનું આયોજન કોલેજ કેમ્પસમાં થયું હતું. કાર્યક્રમનાં મુખ્ય વકતા તરીકે શ્રી દિલીપ દાદા દેશમુખ, અતિથિ

વિશેષ તરીકે યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. પારૂલબેન વડગામા, શ્રી કનુભાઈ ભરવાડ, શ્રી હસમુખ ભાઈ પટેલ, શ્રી વિમલભાઈ શાહ તથા સેનેટ સભ્યશ્રી ભાર્ગવ રાજ્યગુરૂ, શ્રી સંકેત શર્મા (ભૂતપૂર્વ સેનેટ મેમ્બર), તેમજ જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ હાજર રહ્યા હતા.

અંગદાનનું મહત્ત્વ સમજાવતા મુખ્ય વકતાશ્રી દિલીપ દાદા દેશમુખ જણાવે છે કે, Organ Failure નાં કારણે મૃત્યુની રાહ જોતા લાખો લોકોને અંગદાન દ્વારાં તંદુરસ્ત નવજીવન આપી શકાય છે. તેમણે વિદ્યાર્થીઓને આધુનિક જીવનશૈલીમાં પરિવર્તન લાવી અંગદાન કરી શકે તે માટે સ્વાસ્થ્ય પ્રત જીવન જીવવાનાં સૂચનો પણ કર્યા હતાં. વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ અંગદાન કરવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ બી.કોમ. કો–ઓર્ડિનેટરશ્રી ધરીત નાયક, બી.બી.એ. કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. સ્વાતી મહેતા, બી.સી.એ. કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. જયમીન શુકલા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘોષક તરીકે પ્રા.જ્યોતીકા ટેલરે કામગીરી બજાવી હતી.

## રમતોત્સવ







જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં વિદ્યાર્થીના અભ્યાસક્રમને અનુલક્ષી જે.કે.ક્રિકેટ ગ્રાઉન્ડ કોસાડ ખાતે પાંચ દિવસીય રમતોત્સવ 'સ્પોર્ટસ મીટ ૨૦૨૨–૨૦૨૩'નું આયોજન તા. ૨૬/૧૨/૨૦૨૨ થી ૩૦/૧૨/૨૦૨૨ દરમિયાન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કબડ્ડી, ક્રિકેટ, ગોળા ફેંક, ૧૦૦–૨૦૦–૪૦૦–૮૦૦ તેમજ ૧૫૦૦ મીટર દોડ, રીલે દોડ તેમજ રસ્સા ખેંચ જેવી એથ્લેટીક રમતોમાં ૧૮૦૦ થી વધારે વિદ્યાર્થીઓ ભાગ લેવા જઈ રહ્યા છે. આ કાર્યક્રમનું ઉદઘાટન શ્રી પંકજભાઈ કાપડીયા (કાપડીયા હેલ્થ કલબ એન્ડ હોટેલ સુરત), શ્રી નરેશભાઈ વરીયા (તંત્રી, ધબકાર ન્યુઝ) અને શ્રી ભાવેશભાઈ ધેલાણી (આચાર્યશ્રી તપોવન વિદ્યાલય) તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવારના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ તેમજ ડૉ. મહેન્દ્રભાઈ સોલંકી દ્વારા ઓલિમ્પિક ફલેમ પ્રગટાવીને કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ શારીરિક શિક્ષણ પ્રા. ડૉ. પ્રદીપકુમાર લેન્કા અને સમગ્ર સ્ટાફના સહકારથી યોજવામાં આવ્યો હતો.

## સુમુલ ડેરીની મુલાકાત



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં ચાલતા અભ્યાસક્રમ પૈકી બી.સી.એ. વિંટરના પ્રથમ વર્ષ અને બીજા વર્ષના કુલ ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓ માટે તા. ૨૬–૧૨–૨૦૨૨ના રોજ સુમુલ ડેરીની મુલાકાત ગોઠવવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને સુમુલ ડેરીના વિવિધ પ્લાન્ટ જેવા મિલ્ક પેકિંગ, કુલ સ્ટોરેજ, બટર મેકિંગ, પનીર મેકિંગ, ઘી પાઉચ પેકિંગ તેમજ બેકરીની વિવિધ પ્રોડકટ અંગે સુમુલડેરીના ગાઈડ દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.

'ઈનોવેટીવ ટીચીગ'નાં ભાગ રૂપે વિદ્યાર્થીઓમાં મોટા પાયે વ્યાવસાયિક કામગીરીની સમજ, જીવનમાં મોટા સ્વપ્ન જોવાની પ્રેરણા, યુવા પેઢીને આવતીકાલના ઉદ્યમી, નવીનતા અને સિદ્ધિ મેળવનાર બનાવવામાં મદદ કરે તે માટે કોલેજ દ્વારા કંપની/ડેરીઓની મુલાકાત લઈ આવા નવીનતર પ્રયોગ સતત કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યક્રમ અને મુલાકાતનું આયોજન કોલેજ આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ પ્રા. આયુસી સુરતવાળા, પ્રા. પ્રિયંકા વાંસદીયા, પ્રા. વિશાખા બારોટ તેમજ પ્રિયંકા પટેલ દ્વારા સફળ રીતે કરવામાં આવ્યું હતું.

## એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### વ્યાખ્યાન





બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં યુનિવર્સિટીના એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ વિભાગ અંતર્ગત આંતર કોલેજ વ્યાખ્યાનમાળા અને કોલેજની ડિબેટ કમિટીના સંયુક્ત ઉપક્રમે રિસન્ટ ટ્રેન્ડસ ઇન મોડર્ન બેન્કિંગ વિષય ઉપર પ્રિ. ડૉ. ગીરીશભાઈ રાણાનું વકતવ્ય ગોઠવવામાં આવ્યું હતું, જેમાં ટી.વાય.બી.કોમ. અને એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રિ. ડૉ. ગીરીશભાઈ રાણાએ ખૂબજ સરળ શબ્દોમાં બેન્કિંગ ક્ષેત્રમાં થતાં ધરમૂળ ફેરફારો, મોડર્ન બેન્કિંગમાં ટેકનોલોજીનો ઉપયોગ તથા નવી શિક્ષણનીતિ અને એકેડેમિક ક્રેડિટ સિસ્ટમ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમની શરૂઆત ટી.વાય.બી.કોમ. ઈંગ્લીશ મીડીયમની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના દ્વારા કરી હતી. ઇ.ચા. આચાર્ય વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. યોગીનીબેન પ્રજાપતિએ કર્યુ હતું, તથા એસ.વાય.બી.કોમ. ઈંગ્લીશ મીડીયમની વિદ્યાર્થીની શેખ કૌશરે આભારવિધિ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ ટીચિંગ અને નોન ટીચિંગ સભ્યોનો ફાળો રહ્યો હતો.

### વ્યાખ્યાન






બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાની જ્ઞાનધારા હેઠળ ડિજિટલ માર્કેટિંગ વિષય ઉપર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટી.વાય.બી.કોમ. અને એસ.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. નારણલાલા કોલેજના એમ.બી.એ. ડિપાર્ટમેન્ટના ડૉ. વિશાલ માલી અને ડૉ. દિવ્યેશ ગાંધીએ ખૂબ જ સુંદર અને

સરળ ભાષામાં ડિજિટલ માર્કેટિંગના આયામો અને લાક્ષણિકતાઓ તથા આ ક્ષેત્રે ભવિષ્યમાં ઉપસ્થિત થનારી તકોનો વિદ્યાર્થીઓને પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમનું સમગ્ર સંચાલન ઇન્ચાર્જ આચાર્ય પ્રા. વર્ષાબેન રાણાનાં માર્ગદર્શન હેઠળ પ્રા. યોગીનીબેન પ્રજાપતિએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ ટીચિંગ અને નોન ટીચિંગ સભ્યોનો ફાળો રહ્યો હતો.

## વ્યાખ્યાન





બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કોલેજ બીલીમોરાની જ્ઞાન ધારા હેઠળ ઓવરસીસ સ્ટડી વિષય ઉપર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટી.વાય.બી.કોમ. અને એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૩ પ્લસ એજ્યુકેશનના ફાઉન્ડર જીગર પાઠક અને હેતલ ગજ્જરે વિષય ઉપર ખૂબ જ સુંદર અને સરળ ભાષામાં ઓવરસીસ સ્ટડી, તેની આવશ્યકતા તથા આ ક્ષેત્રે ભવિષ્યમાં ઉપસ્થિત થનારી તકોનો વિદ્યાર્થીઓને પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ઈન્ચાર્જ આચાર્ય વર્ષાબેન રાણાનાં માર્ગદર્શન હેઠળ પ્રા. યોગિનીબેન પ્રજાપતિએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં તમામ ટીચીંગ તથા નોન ટીચીંગ સભ્યોએ ફાળો આપ્યો હતો.

## ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા આયોજિત હોકી બહેનોનું આંતર યુનિવર્સિટી ટીમની પસંદગીની પ્રક્રિયાનું આયોજન યુનિવર્સિટીનાં ગ્રાઉન્ડ પર થયું હતું. જેમાં વિવિધ કોલેજોની ૪૦ થી વધારે ખેલાડી બહેનોએ ભાગ લીધો હતો. એ.વી.પટેલ કોમર્સ કોલેજ બીલીમોરાની ત્રણ ખેલાડી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં (એફ.વાય.બી.કોમ)માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની વિશ્વકર્મા ભૂમિનું યુનિવર્સિટીની ટીમમાં પસંદગી થઈ હતી. તેઓ મધ્યપ્રદેશ ગ્વાલિયર મુકામે યુનિવર્સિટી ટીમનું પ્રતિનિધિત્વ કરશે. આ સિદ્ધિ બદલ ઇ.ચા.આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા પ્રો. ડૉ. સોનલબેન વસાવા અને કોલેજ પરિવારે ખેલાડી બહેનોને અભિનંદન પાઠવ્યા હતા અને આવનારા દિવસોમાં સારું પ્રદર્શન કરી આગળ વધે તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



## મને ગમતું પુસ્તક : વાર્તાલાપ




એ.વી.પટેલ કોમર્સ કોલેજ બીલીમોરામાં ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. સારાં પુસ્તકોનું વાચન તેના સર્જકો અને મહાન વિભૂતિઓની સ્મૃતિ તાજી કરાવે છે. મા–બાપ હંમેશા સ્નેહ, વાત્સલ્ય અને પ્રેરણા આપે છે. જયારે પુસ્તકો તો આંખો અને પાંખો બંને આપે છે. ઉત્તમ પુસ્તકો વ્યકિતનો અદ્દ્ભૂત મિત્ર અને સમજદાર માર્ગદર્શક હોય છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૭ વિદ્યાર્થીઓ અને ૧ અધ્યાપકોએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઈન્ચાર્જ આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકોએ વિદ્યાર્થીઓમાં વાચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.

## નવયુગ કોમર્સ કોલેજ, સુરત.

### મેડલ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજીત આંતર કોલેજ જુડો સ્પર્ધા પી.આર.બી. એન્ડ પી.જી.આર. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજમાંથી (૧) શ્રી રાજ એન. પટેલે ૭૩ કિ.ગ્રામ ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ (૨) શ્રી અક્ષિત એલ. રાઠવાએ ૭૩ કિ.ગ્રામ ગ્રુપમાં દ્વિતિય ક્રમે આવી સિલ્વર મેડલ તેમજ (૩) કેવિન એમ. ભોજાની ૭૩ કિ.ગ્રામ ગ્રુપમાં તૃત્તિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. આ ખેલાડીઓ આંતર યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામે અને યુનિવર્સિટીનું તેમજ કોલેજનું ગૌરવ વધારે તે માટે આ ખેલાડીઓને કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, શારીરિક શિક્ષણનાં પ્રા. સી.કે.અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

### પસંદગી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓલ ઇન્ડિયા આંતર યુનિવર્સિટીની ફૂટબોલ ટીમની પસંદગી યુનિવર્સિટીના મેદાનમાં રાખવામાં આવેલ હતી. આ ફૂટબોલ ટીમમાં નવયુગ કોમર્સ કોલેજના ખેલાડી હિંગોરા સજ્જાદ અને સિંગવાલા મો. માઝ પસંદગી પામ્યા. તેઓ જબલપુરમાં રાની દુર્ગાવતિ વિશ્વવિદ્યાલય, જબલપુર યુનિવર્સિટીમાં રમવા જશે. આ ખેલાડીઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને કોલેજનું પ્રતિનિધિત્વ કરશે. તેથી આ ખેલાડીઓને કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, શારીરિક શિક્ષણના પ્રા.સી.કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

### સિલ્વર મેડલ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સર કે.પી. કોમર્સ કોલેજ દ્વારા આયોજીત આંતર કોલેજ કુસ્તી સ્પર્ધા તા. ૨૫ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં યોજાય હતી આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજની ખેલાડી કું. મહેર પી. ચૌધરીએ ૫૩ કિ.ગ્રા ગ્રુપમાં દ્વિતિય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, પ્રા. ડૉ. બ્રીજેશભાઈ પટેલ તથા શારીરિક શિક્ષણના પ્રા. સી.કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભચ્છાઓ પાઠવી હતી.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્.કોલેજ, સુરત.

### ગીતા જયંતી



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ પાંડેસરા ખાતે ગીતા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. ગીતા જયંતી નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આંતર બી.એડ. કોલેજ ગીતા શ્લોક ગાન/પઠન, વકતૃત્વ અને નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આંતર કોલેજ સ્પર્ધામાં ૪૦ સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી સુધાકર માસ્ટર, વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાંતભાઈ શાહ, પ્રા. હેમાંગ દેસાઈ (ઈ.ચા.આચાર્ય, વી.ટી. પોદ્દાર બી.સી.એ. કોલેજ)

પ્રા. રિયા સુખીયા (ઈ.ચા.આચાર્ય, વી.ટી.પોદ્દાર કોમર્સ કોલેજ), બી.એડ્. કોલેજના અધ્યાપકો અને તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયક તરીકે ડૉ. ભાવેશ ઠાકર, ડૉ. જયશ્રી જાંબુસિયા, અશોકભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભીલ સુમિતા બી. (શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, પાંડેસરા) દ્વિતીય ક્રમે પટેલ વિભૂતિબેન યુ. (વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ., જહાંગીરપુરા), પટેલ જાનવી શૈલેષભાઈ (શ્રી સર્વોદય શિક્ષણ મંડળ બી.એડ.કોલેજ, સુરત) વિજેતા થયા હતા. નિબંધ લેખનમાં બાબરીયા રિદ્ધિ બી. (શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, પાંડેસરા), બારીયા નિકિશા મહેશભાઈ (શ્રી એમ.કે.મહેતા કોલેજ ઓફ એજયુકેશન, ઉમરગામ), તૃતીય ક્રમે શેખ રેસદાબાનું એ. (શ્રી એમ.કે.મહેતા કોલેજ ઓફ એજયેકેશન, ઉમરગામ), વિજેતા થયા હતા. શ્લોકગાન સ્પર્ધામાં પ્રથમ ક્રમે પંડયા ભાર્ગવ જી. (શ્રી એસ.આર.પટેલ બી.એડ. કોલેજ, કીમ) દ્વિતીય ક્રમે પટેલ જિનલબેન એસ. (નારણલાલા ઇન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન, નવસારી), તૃતીય ક્રમે પાટિલ પ્રતિક્ષા આર. (શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, પાંડેસરા), વિજેતા થયાં હતાં. આંતર કોલેજ સ્પર્ધામાં વિવિધ બી.એડ.કોલેજના કુલ ૪૦ કોલેજના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પ્રમુખશ્રી સુધાકર અને ટ્રસ્ટીશ્રી જીતેન્દ્ર દેસાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યું હતું. નિર્ણાયક તરીકે શ્રી ડૉ. ભાવેશ ઠાકર, અશોકબાઈ જોશીએ વકતવ્ય રજૂ કર્યુ હતું. વિજેતાઓની ઘોષણા ડૉ. જયશ્રી જાંબુસિયા કર્યુ હતું. કાર્યક્રમનું આયોજન પ્રા. ભાવિકા પટેલ અને સાગર ગાંધીએ કર્ય હતું.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, સુરત.

### Workshop and Fair on IOT Live Projects










Vimal Tormal Poddar BCA College has organized 'Workshop and Fair on IOT Live Projects' as a joint collaboration with 'Net-X IT & Multimedia Academy' for the BCA students on 6th December, 2022. It was live practical Demonstration of IOT current projects for their better understanding of how IOT works. The projects were base on smart Car, Smart Automation Home, Smart Dustbin, Automatic plant watering system, RFID Attendance System and many more.

## Workshop on Cyber Security

Vimal Tormal Poddar BCA College, Pandesara organized workshop on cyber security for the awareness to the students of BCA on 17/12/2022. Mr. Maulik shah, cyber security expert has delivered very practical an live demonstration for various cyber security techniques to safe guard themselves on the world of internet. Workshop organized by Dr. Kavita Ahuja.








## શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત.

### ગૌરવ



ન્યુ દિલ્હી ખાતે તા. ૧ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ દરમ્યાન યોજાનાર રિપબ્લિક ડે પરેડ કેમ્પમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વિવિધ કોલેજોના તમામ એન.એસ.એસ. યુનિટોમાંથી એક માત્ર શ્રી જે.બી. ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની એન.એસ.એસની. ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થિની કુ. નંદની સોલંકી પસંદગી પામી છે. જે આગામી ૨૬ મી જાન્યુઆરી–૨૦૨૩ના રાજપથ દિલ્લી ખાતે રિપબ્લિક ડે પરેડમાં ભાગ લેશે. આ વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. દિલીપ એલ. વરસાણી અને કોલેજ પરિવાર ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

### વ્યાખ્યાન



શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રિ. ડૉ. દિલીપભાઈ વરસાણીના અધ્યક્ષ સ્થાને 'ગર્ભસંસ્કારનું મહત્ત્વ' વિષય પર શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા સંચાલિત 'ઓજસ્વી' ગર્ભસંસ્કાર કેન્દ્ર અંતર્ગત ડૉ. દેવાંગીબેન જોગલે ગર્ભસંસ્કારનું મહત્ત્વ, શ્રેષ્ઠ બાળક માટે ગર્ભસંસ્કાર ખૂબ જ જરૂરી તેમજ બાળક માટે વિચારતા માતા પિતાના આહાર વિહાર વિશે ખૂબ જ ઊંડાણપૂર્વક ચર્ચા કરી અને વિદ્યાર્થિનીઓને સ્ત્રી સ્વાસ્થ્યમાં બદલાવ લાવવા માટે પ્રેરિત કરી હતી. શ્રી નિલેશભાઈ જોગલ અને શ્રીમતિ કૈલાશબેન પટેલે વિષયલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. આભાર દર્શન ડૉ. રેણુકાબેન ભવસારે કર્યું હતું. બહોળી સંખ્યામાં કોલેજની વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી.

## નિબંધ સ્પર્ધા

શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા સંચાલિત શ્રી જે.બી. ધારુકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ બી.કોમ.(ઈ.એમ) એડિશનલ ડીવીઝન (એસ.એફ.) ફોર વિમેન્સ કોલેજમાં તા. ૧૩/૯/૨૦૨૨ના રોજ આંતર કોલેજ નિબંધ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'આઝાદીના અમૃત મહોત્સવના અવસરે વિવિધ ક્ષેત્રે ભારતની સ્થિતિ મારી નજરે' હતો. જેમાં યુનિવર્સિટીની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે ગુજરાતી વિષયના નિવૃત અધ્યાપક ડૉ. જશુભાઈ પટેલે ફરજ બજાવી હતી. સ્પર્ધામાં પ્રથમ ક્રમે મકવાણા જયશ્રી મનસુખભાઈ (જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ) દ્વિતિય ક્રમે પટેલ શ્રુતિબેન નટુભાઈ (શ્રી ખંડવિદ્યા આરણ્યક બી.એડ.કોલેજ બરૂમાળ, તા.ધરમપુર) તૃતિય ક્રમે ખત્રી હર્ષા યશવંતકુમાર (વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટી) વિજેતા થયાં હતાં. તમામ વિદ્યાર્થીઓને આચાર્ય ડૉ. દિલીપભાઈ વરસાણીએ રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કર્યાં હતાં.

## આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ.

### ગૌરવ




શ્રી ભારતીય વિદ્યામંડળ સંચાલિત, શ્રી જે.એસ. ભકતા અને શ્રી કે.એમ.ભકતા આર્ટ્સ અને શ્રી એ.એન. શાહ સાયન્સ અને શ્રી એન.એફ.શાહ કોમર્સ કોલેજ, ખોલવાડના માઇક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટના વ્યાખ્યાતા ડૉ. આરતી એ. રાવલે તા. ૨૩ થી ૨૬ ઓગસ્ટ ૨૦૨૨ દરમ્યાન મલેશિયા ખાતે યોજાયેલ 7$^{th}$ Asian PGPR International Conference for Sustainable Agriculture માં ભાગ લઈ 'Outstanding Women Research in PGPR' એવોર્ડ પ્રાપ્ત કરીને સંસ્થાનું અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું હતું. જે બદલ સમગ્ર ભારતીય વિદ્યામંડળ અને કોલેજ પરિવારે ડૉ.આરતી રાવલને તેમની અદ્વિતીય સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા હતા તેમજ તેઓ સંશોધન અને શિક્ષણ ક્ષેત્રના વિષય Environmental Health & Agriculture Sustainability માં ખૂબ જ રસ ધરાવે છે અને ભવિષ્યમાં તેઓ આવી ઉત્તરોતર પ્રગતિ કરી તેમનું તથા સંસ્થાનું ગૌરવ વધારે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પારડી.

### વકતૃત્વ સ્પર્ધા




જે. પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડીમાં તા. ૨૨/૧૨/૨૦૨૨ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે 'આત્મનિર્ભર ભારતના ઉત્થાન માટે સ્વદેશીકરણ એક માત્ર ઉપાય છે' વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સ્પર્ધામાં વિષયના તરફેણમાં અને વિષયની વિરુદ્ધ વિદ્યાર્થીઓએ રજૂઆત કરી હતી. જેમાંથી બે વિદ્યાર્થીઓ વિજેતા જાહેર થયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. મણિબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે પ્રા. વિજયભાઈ ગાંવિતે ભૂમિકા ભજવી હતી.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### Days Celebration Week

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara celebrated 'Days Celebration Week' from 05/12/2022 to 10/12/2022 in which various days like Bollywood day, Traditional day, Funfair day, Suit & Saree day, Signature Day, Halloween day, Garba night etc. were celebrated by students as well as Teaching & Non- Teaching Staff who participated enthusiastically. The main attraction of the celebration was Fun fair & Garba night where Students & Staff took part very actively. All these activities were successfully organized by Activity Committee under the guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.













## Project Making Competition

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara has organised a Project Making Competition on the Birth Anniversary of Late. Dr. Markand Bhatt. Students made different projects based on all the departments with the help of the teaching staff of the concerned department. Dr. Lalit Mavani, Dr. Parit Bhatt & Dr. Dhruni Gavli were Judges of the Competition. Winners were awarded with Certificates & Winning Prizes. All participants were also given certificate of participation. Event was successfully handled by activity committee & team under the guidance of Principal Dr. Jyoti Rao.

1st - Winner - Pathology - Corona Virus
2nd - Winner - Gynaecology-Stem Cell Preservation
3rd -Winner - Homoeopathic Pharmacy - Electronic Succession

### 2 Consolation Prizes from HMAI Vyara Unit

1st Consolation Prizes - Repertory - Coin Repertory
2nd Consolation Prizes - Surgery - Photo- Sensory Mechanism

Consolation from Judges-Homoeopathic pharmacy - Electronic Triturator







## Sport Festival-2022

C. N. Kothari Homoeopathic Medical College and Research Center, Vyara witnessed the most memorable and enjoyable days in 'Sport Festival 2022', organized from 12/12/2022 to 18/12/2022. Indoor and outdoor games were organized like Volleyball, Kho-Kho, Kabaddi, Badminton, Carrom, Entertainment Show, Chess, Cricket, Table Tenis, Rope Pulling, Three leg race etc., for boys and girls. Congratulations to all Champion teams, Runners up teams, also all participants. Great job was done by referees, and volunteers. Thank to Principal Dr. Jyoti Rao and Management for providing wonderful opportunity to student and faculties. The whole event was successfully handled by Dr. Bhavin Modi & team under the guidance of Principal Dr. Jyoti Rao.








## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### વાદ વિવાદ સ્પર્ધા



ઉધના કોલેજમાં તા. ૫/૧૨/૨૦૨૨ના રોજ સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત 'વાદ વિવાદ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉમંગભેર ભાગ લઈ આપેલ વિષય પર તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં ટી.વાય. બી.કોમ.ના ક્રીતેશ દિક્ષિતને પ્રથમ અને એફ.વાય. બી.સી.એ.ની પ્રેરણા ડૂબેને દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. સ્પર્ધાના આયોજક પ્રા. જીનલ પુરોહિત, પ્રા. ખ્યાતિ સોલંકી અને પ્રા. કલ્યાણી પાટીલ દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટરશ્રી ડૉ.તેજસ ઘડીયાળીનો પ્રેરણા અને માર્ગદર્શન બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. દિવ્યા જરીવાલા અને પ્રો. આરતી પટેલે સેવા આપી હતી.

### કાવ્ય લેખન સ્પર્ધા



ઉધના કોલેજમાં સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત 'કાવ્ય લેખન' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં રસપૂર્વક ભાગ લઈ સુંદર કવિતાઓનું સર્જન કર્યું હતું. આ સ્પર્ધામાં તુલસી ઝા. (ટી.વાય.બી.કોમ.) પ્રથમ, અવનશીખા મિશ્રા (એસ.

વાય.બી.બી.એ.) દ્વિતીય અને નિતેશ મિશ્રા (એફ.વાય. બી.બી.એ.)ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. ધારાના સભ્યોએ કોલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો પ્રેરણા અને સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. શિવમ શાહે સેવા આપી હતી.

## એક પાત્રીય અભિનય સ્પર્ધા





ઉધના કોલેજમાં તા. ૫/૧૨/૨૦૨૨ના રોજ ગીત સંગીત–નૃત્ય અને નાટ્ય ધારા હેઠળ 'એક પાત્ર અભિનય' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તેમનો અભિનય રજૂ કર્યો હતો. આ સ્પર્ધામાં ક્રીતેશ દીક્ષિત વિજેતા અને સુધા ત્રિપાઠી ઉપવિજેતા જાહેર થયાં હતાં. સ્પર્ધાના આયોજક પ્રા. સમીક્ષા ઝવેરી અને પ્રા. આરતી પટેલે આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી ટેક્કનાલ ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો પ્રેરણા અને સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. ખ્યાતિ સોલંકીએ સેવા આપી હતી.

## શ્રદ્ધાંજલિ સમારોહ

ઉધના કોલેજમાં તા. ૫/૧૨/૨૦૨૨ના રોજ સામુદાયિક સેવા ધારા અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર નિવારણ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. કલ્પેશ કંસારાએ ડૉ. આંબેડકર વિષે કેટલીક મહત્વપૂર્ણ માહિતી આપી હતી. કોલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓએ મૌન પાળી પુષ્પાંજલિ અર્પણ કરી ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી હતી. આ સમારોહનું આયોજન કોલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઈઝી ટેક્કનાલ, ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## IT ક્વિઝ





ઉધના કોલેજમાં ટેક આર્મી કલબ બી.સી.એ. પ્રોગ્રામ હેઠળ એફ.વાય.બી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટે IT ક્વિઝ સ્પર્ધા "IN IT to WIN IT" નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ચાંગાવાલા સ્મિત (એસ.વાય.

બી.સી.એ.) વિજેતા અને પટેલ નિતય (એસ.વાય.બી. સી.એ.) ઉપવિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજનાં પ્રાધ્યાપક પ્રો. ચિરાગ પટેલ અને પ્રો. વિશાલ નાયક દ્વારા કોલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ , ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાલીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## પ્રોગ્રામીગ સ્પર્ધા





ઉધના કોલેજમાં તા. ૨૩/૧૨/૨૦૨૨ના રોજ ટેક–આર્મી કલબ હેઠળ 'કોડનિંજા પ્રોગ્રામીગ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પાટીલ પ્રશાંત (એસ.વાય. બી.સી.એ.) વિજેતા અને જરીવાલા યજ્ઞેશ (ટી.વાય.બી. સી.એ.) ઉપવિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાના આયોજક ડૉ. અનિલ ભરોડીયા અને ડૉ. દર્શન મહેતાએ કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીનો પ્રેરણા અને સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. રોનક શાહ દ્વારા સેવા આપવામાં આવી હતી.

## કાર્ડ બનાવવાની સ્પર્ધા

ઉધના કોલેજમાં કળા કૌશલ્ય ધારા અંતર્ગત તા. ૨૭/૧૨/૨૦૨૨ના રોજ કાર્ડ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ તેમની સર્જનાત્મકતા દર્શાવી હતી. આ સ્પર્ધામાં એસ.વાય.બી.બી.એ.ની મુલતાની સિમરને પ્રથમ, એસ.વાય.બી.કોમ.ની કવિતા રામ પાલે દ્વિતીય અને ટી.વાય.બી.કોમ.ની કવિતા રમેશપાલે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સંચાલન ડૉ. અમીના નાખુદા અને પ્રા. રોનક વાડીવાલાએ કર્યું હતું. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કોલેજ પ્રાધ્યાપક ડૉ. ક્રિના શાહ અને પ્રા. રુચી શાહે સેવા આપી હતી.






## આંતર કોલેજ સ્પર્ધામાં સિદ્ધિ



ઉધના કોલેજના વિદ્યાર્થીઓએ તા.૩૦/૧૨/૨૦૨૨ના રોજ નારણલાલા કોલેજ, નવસારી ખાતે યોજાયેલ વિવિધ આંતર કોલેજ સ્પર્ધામાં ભાગ લીધો હતો. (એસ.વાય. બી.બી.એ.)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દિવાંશ દૂબે અને મિત માંગરોળીયા એ એક મિનિટ ગેમ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તેમજ (એસ.વાય.બી.બી.એ.)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અભિષેક પાંડે, અમન મોર્ય અને કૃણાલ સિંહે એડ–મેડ શો સ્પર્ધામાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ તથા સમગ્ર સ્ટાફના સભ્યોએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-12-2022 to 30-12-2022

| Detail | Description | Dec.-2022 | |
|---|---|---|---|
| User | Visitors | 4102 | |
| | Internet Lab User | 86 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 7 | |
| | UG/PG Students | 11 | |
| | Research Scholars | 10 | |
| | Non Teaching Staff | 0 | |
| | Online Users | 923 | |
| | Visitors | 6 | |
| | Total | | 5145 |
| Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | | |

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| December-2022 | 692 | 560 |
| Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | |

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2022 | 14 |
| Soursce : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section. | | |

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2022 | 13 |
| Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section. | | |

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2022 | 19 |
| Soursce: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section. | | |

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ **e-mail: dakshinayan@vnsgu.ac.in**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgu.ac.in**